Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવ[redacted] - ૩[redacted]૦૧.

આત્મ સંવત : ૯૪
વીર સંવત : ૨૫૧૫
વિક્રમ સંવત : ૨૦૪૫
પુસ્તક : ૮૭

સને : નવે. ૮૯થી
ઓક્ટો. ૯૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

**❀ કોડિયું ❀**

ઉપાડશે કોણ મારૂં કામ ?
અસ્ત થતા સૂર્યે પૂછ્યું–
સાંભળી જગત નિરુત્તર રહ્યું,
માટીનું કોડિયું બોલ્યું–
'મારાથી બનતુ હું કરી છૂટીશ'.

— કવિવર ટાગોર

*


માનાર્હ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનાર્હ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ. એ. એમ. એડ્

પુસ્તક : ૮૭ કાર્તિક આત્મ સંવત ૯૪
નવેમ્બર વીર સંવત ૨૫૧૫
અંક : ૧ ૧૯૮૯ વિક્રમ સંવત ૨૦૪૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પ્રાસંગિક મુક્તકો | — | ૧ |
| ૨ | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | શ્રી હીરાલાલ બી. શાહ | ૨ |
| ૩ | દૃષ્ટિ બદલીએ | શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૫ |
| ૪ | નવો પાઠ | શ્રી ધૂમકેતુ | ૭ |
| ૫ | અભયકુમારની ન્યાય બુદ્ધિ | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૦ |
| ૬ | શ્રી કચ્છ ભદ્રેશ્વરની યાત્રાએ | શ્રી કાંતિલાલ હેમરાજ વાંકાણી | ૧૩ |
| ૭ | સાત વ્રત જીવન વિકાસના | શ્રીમતી જ્યોતિબેન હરેશકુમાર | ૨૦ |


## સંસ્થા સમાચાર

શ્રી જૈન આત્માનંદ સભાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૭–૯–૮૯ના રોજ સવારના ૧૧–૦૦ કલાકે સભાના હોલમાં મળી હતી. સભાના તા. ૩૧–૩–૮૯ સુધીના ઓડીટ હિસાબો અને સરવૈયું તે સભામાં રજૂ કરવામાં આવ્યા હતા. તે હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહ | પ્રમુખ |
| ૨. | ,, અનોપચંદભાઈ માનચંદ શાહ | ઉપપ્રમુખ |
| ૩. | ,, પ્રમોદકાન્ત ખીમચંદ શાહ | મંત્રી |
| ૪. | ,, કાન્તીલાલ રતીલાલ સલોત | મંત્રી |
| ૫. | ,, ચીમનલાલ વર્ધમાન શાહ | ખજાનચી |
| ૬. | ,, કાન્તીલાલ જગજીવનદાસ દોશી | સમિતિ સભ્ય |
| ૭. | ,, નગીનદાસ હરજીવનદાસ શાહ | ,, |
| ૮. | ,, કાન્તીલાલ હેમરાજ વાંકાણી | ,, |
| ૯. | ,, ભુપતરાય નાથાલાલ શાહ | ,, |
| ૧૦. | ,, મોહનલાલ જગજીવનદાસ સલોત | ,, |
| ૧૧. | ,, જયંતીલાલ રતીલાલ સલોત | ,, |
| ૧૨. | ,, ચંદ્રકાન્ત પોપટલાલ સલોત | ,, |
| ૧૩. | ,, ભોગીલાલ ભાણજીભાઈ શાહ | ,, |
| ૧૪. | ,, પ્રતાપરાય અનોપચંદ મહેતા | ,, |
| ૧૫. | ,, પ્રવીણચન્દ્ર જગજીવનદાસ સંઘવી | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૭] વિ. સં. : ૨૦૪૬ : કારતક–નવેમ્બર–'૮૯ [અંક : ૧

## પ્રાસંગિક મુક્તકો

(મંદાક્રાંતા)

જે ચીજો કે વસુ વિભવથી લોકને મોહ થાય,
ને જે મોહે હૃદય જનનાં પાપ માટે તણાય;
એ પૈસા કે વિભવ અમને સ્વપ્નમાં યે હશોમાં,
એવાં હોયે સુકૃત કદિ તો સુકૃતો યે થશોમાં.

*　　*　　*

શત્રુઓનું પણ હૃદયથી જે ભલું ઇચ્છનારા,
દુઃખી દેખી અવર જનને દુઃખી જેઓ થનારા;
પોતાના કે પરજન વિષે ભેદના લેખનારા,
એવા વાંસે જગપતિ ફરે થઇ સદા ચોકીવાળા.

*　　*　　*

મારી આખી અવનિ પરની જીંદગાની વિષે મેં,
રાખી હોયે મુજ અરિપરે દૃષ્ટિ જે રીતની મેં,
એવી એ જો મુજ ઉપર તું રાખશે શ્રી મુરારિ,
તોયે તારો અનૃણી બનીને પાડ માનીશ ભારી.

*　　*　　*

—: શિખરિણી :—

સદા રાજી રે'વું, અવર જનને રાજી કરવા,
બને ત્યાં સુધી તો જનસમૂહના કલેશ હરવા;
બચે જે ખાતાં. તે ગરીબ ઉદરાર્થે ખરચવું,
કુટુંબી આખું આ અવનિતલ એવું સમજવું

સંચિત
(સ્વ. સર પ્ર. પટણી કૃત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

શ્રી હીરાલાલ બી. શાહ

શ્રી જૈન આત્માનંદ સભા એ જ્ઞાનપ્રદીપનું એક નાનું સરખું વિદ્યામંદિર છે. ઉત્તમ ગ્રંથો પ્રગટ કરવાં એ એનું જીવનવ્રત છે. એ વ્રતનું પાલન કરવા યથાશક્તિ પુરુષાર્થ કરી રહેલ છે. અને જૈન શાસનનું ગૌરવ વધારવાનો વિનમ્ર પ્રયાસ કરે છે.

શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના વિ. સં. ૧૯૫૨ના બીજા જેઠ શુદિ બીજ તારીખ ૧૩-૬-૧૮૯૬ ના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. જૈન સમાજના વ્યાવહારિક ધાર્મિક અને શૈક્ષણિક વિકાસ માટે એક માસિક પત્રની આવશ્યકતા જણાતી હતી. એટલે આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા વિ. સં. ૧૯૫૯ના અષાઢ શુદિ પાંચમના મંગળ દિવસે શ્રી આત્માનંદ પ્રકાશ નામનું માસિક શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો. અને વિ સં. ૧૯૫૯ના શ્રાવણ માસમાં પ્રથમ અંક પ્રકાશિત કરવામાં આવ્યો. શ્રી આત્માનંદ પ્રકાશ માસિક ૮૬ વર્ષો પૂરા કરીને ૮૭માં વર્ષમાં પ્રવેશ કરે છે એ આપણા બધાને માટે ખૂબ જ ગૌરવનો વિષય છે.

શ્રી આત્માનંદ પ્રકાશ કોઇપણ પ્રકારની જાહેર ખબર લીધા સિવાય, આત્માનંદ પ્રસરાવતું, સદ્જીવન અર્થે અમૃતપાન કરાવતું, પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે માસિક દ્વારા જૈનધર્મ, જૈન દર્શન અને જૈન સાહિત્યનો યથાશક્તિ બહોળો પ્રચાર થાય છે

અમો માસિકમાં વિદ્વાન પૂ૦ ગુરુ ભગવંતોના લેખો, પૂ૦ સાધ્વીજી મહારાજના લેખો, વિદ્વાન ભાઇઓ અને બહેનોના લેખો, જૈન ધર્મના તત્વજ્ઞાનના લેખો, કર્મ અને ભક્તિના લેખો અને જૈન ઈતિહાસના લેખો રજુ કરીને યથાશક્તિ જૈનશાસનની સેવા કરવા અભિલાષા રાખીએ છીએ. આત્મોન્નતિ અને સમાજોન્નતિ તરફ પ્રેરે એવા સમાચાર પ્રગટ કરીએ છીએ

છેલ્લા નવ વર્ષમાં આ સભાએ બાર પુસ્તકો પ્રગટ કરેલ છે. ગત વર્ષમાં એટલે સંવત ૨૦૪૫ ના કારતક માસમાં આ સભાએ "શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:" નામનું પુસ્તક પ્રગટ કરેલ સુંદર-સુઘડ અને સ્પષ્ટ દેવનગરી લિપિમાં પ્રિન્ટ કરેલ છે. પ પૂ૦ ગુરુ ભગવંતો, પૂ૦ સાધ્વીજી મહારાજો અને સ્તોત્રપાઠી મહાનુભાવો માટે ખૂબ જ ઉપયોગી પુસ્તક છે.

આ સભા પોતાના જ મકાનમાં "જાહેર ફ્રી વાંચનાલય" ચલાવે છે. ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને મુંબઈના દૈનિક છાપાઓ વાંચવા મૂકવામાં આવે છે. તે ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો પણ વાંચવા માટે મૂકવામાં આવે છે. સુંદર, સ્વચ્છ અને આધુનિક સગવડવાળા આ વાંચનાલયનો અનેક વ્યક્તિઓ સારો લાભ લે છે.

આ સભા સારી લાઇબ્રેરી ચલાવે છે જેની અંદર જૈન ધર્મની પ્રતો, જૈન ધર્મના પુસ્તકો, સંસ્કૃત-પ્રાકૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી પુસ્તકો અને નોવેલો વિગેરે છે. જૈન યુવકો ધર્મપ્રેમી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સાહિત્યપ્રેમી બને, સારાં સારાં પુસ્તકો વાંચવાની અભિરુચિ તેમનામાં જાગે અને તેમને સારા સંસ્કારો તથા જીવનના ઉચ્ચ ઘડતર માટે પ્રેરણા મળે તે ઉદ્દેશથી આ લાઇબ્રેરી ચલાવવામાં આવે છે. આ લાઇબ્રેરીનો લાભ પ. પૂ૦ ગુરુ ભગવંતો અને પૂ૦ સાધ્વીજી મહારાજો ચોમાસા દરમ્યાન અભ્યાસ કરવા માટે તેમજ સવાર, બપોર વાંચના આપવા માટે સારા પ્રમાણમાં લે છે. જૈન અને જૈનેતર ભાઇઓ અને બહેનો વર્ષ દરમ્યાન સારા પ્રમાણમાં લાભ લે છે.

અન્ય પ્રવૃત્તિઓ :—

૧. સંવત ૨૦૪૫ના કારતક શુદ એકમના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગલમય પ્રભાતે સવારના ૯-૩૦ થી ૧૧ સુધીમાં સભ્યોનું સ્નેહ મિલન રાખવામાં આવ્યું હતું અને દૂધ પાર્ટી રાખવામાં આવી હતી.

૨ સંવત ૨૦૪૫ના જ્ઞાન પંચમીના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યા હતા. જ્ઞાન પૂજા કરવામાં આવી હતી. સવારના ૬ થી રાત્રીના ૯ વાગ્યા સુધીમાં શ્રીસંઘના સારી સંખ્યામાં ભાઇઓ અને બહેનોએ દર્શન અને જ્ઞાન પૂજાનો લાભ લીધો હતો

૩. આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુ ભકિત નિમિત્તે આ સભાના હોલમાં સંવત ૨૦૪૫ના આસો શુદિ દશમને શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

ધાર્મિક પ્રવૃત્તિઓ :—

૧. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૫ના માગશર વદી બીજને રવિવાર તારીખ ૨૫-૧૨-૮૮ ના રોજ શ્રી ઘોઘા તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. ખૂબ જ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા ખૂબ જ આનંદ અને ભકિતપૂર્વક રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર સાંજ આવેલ સભ્યોની સ્વામી ભકિત કરવામાં આવી હતી.

૨. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૫ના પોષ શુદિ એકમને તા. ૮-૧-૮૯ ના રોજ સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. સવાર સાંજ ગુરુભકિત તેમજ આવેલ સભ્યોની સ્વામીભકિત કરવામાં આવી હતી.

૩. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૫ના મહા વદિ ૧૨ ને તા. ૫-૩-૮૯ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. શ્રી ગિરીરાજ ઉપર દાદાજીના રંગમંડપમાં નવ્વાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. સવાર સાંજ ગુરુ ભકિત તેમજ આવેલ સભ્યોની ભકિત કરવામાં આવી હતી.

૪. પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજ સાહેબનો ૧૫૪ મો જન્મજયંતિ મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ પાલીતાણા મુકામે સંવત ૨૦૪૫ના ચૈત્ર શુદિ ૨ ને તા. ૭-૪-૮૯ના રોજ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં નવાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં પરમ પૂજ્ય ગુરુદેવ આત્મારામજી મહારાજની દેરી છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં તેઓશ્રીની મૂર્તિની ફૂલોથી અંગરચના કરવામાં આવી હતી. સવાર સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

૫ શ્રી જૈન આત્માનંદ સભાનો ૯૩મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૫ના જેઠ શુદ ૮ ને તા. ૧૧-૬-૮૯ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી તાલધ્વજગિરિ ઉપર ભક્તિપૂર્વક અને રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર સાંજ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

૬. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી એક લકઝરી બસમાં તા ૨૫. ૨૬ અને ૨૭-૯-૮૯નો ત્રણ દિવસનો કચ્છ-ભદ્રેશ્વરનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. આવેલ ભાઇઓ અને બહેનોની ત્રણે દિવસ સવાર, બપોર અને સાંજ સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

**કેળવણીના ઉત્તેજન અંગેની પ્રવૃત્તિઓ :-**

૧. સંસ્કૃત ભાષાના ઉત્તેજન માટે શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી સને ૧૯૮૯ની સાલમાં S. S. C. પરીક્ષામાં સંસ્કૃત વિષય લઇને અને સંસ્કૃતમાં ૮૦ ટકા કે તેથી વધારે માર્કસ મેળવીને પાસ થયા હોય તેવા કુલ નવ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી કુલ રૂા. ૫૮૯ ના ઇનામો આપવામાં આવ્યા હતા.

૨. શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી જરૂરીયાતવાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થી ભાઈઓને જેઓએ કોલેજમાં ફી ભરી હોય તેવા ૨૧ વિદ્યાર્થી ભાઈઓને આ વર્ષમાં શ્રી જૈન આત્માનંદ સભા તરફથી રૂા. ૩૬૫૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

"દ્વાદશારં નયચક્રમ્" ભાગ ૧-૨-૩ સંપાદક પરમ પૂજ્ય જ્ઞાન તપસ્વી, દર્શન પ્રભાવક અને શ્રુતસ્થવિર મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ, સ્ત્રી નિર્વાણ-કેવલી ભુક્તિ પ્રકરણે, જિનદત્ત કથાનકમ, પાકૃત વ્યાકરણ અષ્ટમો અધ્યાય, નવ પરિશિષ્ટ સહિત અને બીજા અન્ય પુસ્તકો પૂજ્ય ગુરુદેવ ભગવંતો, ભારતના અને પરદેશના જૈન અને જૈનેતર વિદ્વાનો, અભ્યાસ માટે મંગાવે છે અને આ સભા તેઓશ્રીને મોકલે છે.

૫. પૂ. ગુરુભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો, આ સભાના કાર્યવાહકો, પ્રેટ્રન સાહેબો, આજીવન સભ્યો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ અને સભાના હિતેચ્છુઓએ જે સાથ અને સહકાર આપેલ છે તે બધાનો ખૂબ જ આભાર માનવામાં આવે છે. આપ સૌની આત્મીયતા અને સ્નેહ અમોને મળતા રહે એવી આ મંગળ દિને મંગળ પ્રાર્થના છે.

આપશ્રી બધાને નૂતન વર્ષાભિનંદન.

જયજિનેન્દ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૃષ્ટિ બદલીયે

લે. રતિલાલ માણેકચંદ શાહ—નડીયાદ

અરે ભાઈ! જો આ શરીર એક દિવસ છોડવાનું જ છે. તો પછી આજથી જ તેનો પ્રત્યેનું લક્ષ શા માટે દૂર ન કરીએ? અને જે આપણું નથી તેને આપણું કેમ માનીએ? આવા તો અનંતા શરીરો અનાદિ કાળથી ધરતા આવ્યા છીએ અને છોડયા પણ છે. છતાં તેના પ્રત્યેનો મમત્વભાવ કાં હજુ છુટતો નથી? અને તેને મારું મારું કરી, અનંતા કર્મો ઉપાર્જન શા માટે ભવ અટવીમાં ભટકી રહ્યા છીએ અને અનંતા દુઃખો ભોગવી રહ્યા છીએ, તેનો કાંઈ વિચાર ઉદ્દભવે છે ખરો? અરે! આજે તો ઉત્તમ એવો મનુષ્ય જન્મ મળેલ છે, જેમાં વિશેષમાં બુદ્ધિ મળેલ છે, તો તે બુદ્ધિનો સદ્દોપયોગ કરી વિચારીએ કે, ચરમોત્કૃષ્ટ એવો મનુષ્ય જન્મ આપણને શા માટે મળેલ છે? શું જીવ-જંતુ, પશુ-પક્ષીની માફક જીવન જીવવા અને સંસાર વધારવા મળેલ છે? કે તેથી આગળ વધી સત્ય સમજણ કરી, આ ભયંકર સંસાર સાગરને તરી જવા માટે મળેલ છે? તે શાંતિથી વિચારીએ, આચરીએ અને શ્રદ્ધિએ. જો આવો સર્વોત્તમ મનુષ્ય જન્મ વિભાવ દશામાં આળોટી એળે ગૂમાવી દઈશું તો પૂર્ણતાએ પહોંચવાનો પુરુષાર્થ કયાં ભવમાં આચરીશું? આટલું આપણે પ્રથમ જાણી લઈએ, વિચારીએ અને અમલમાં મૂકીએ. ગમે તે ભવમાં, ગમે ત્યારે, ગમે તે સંજોગોમાં આ કર્યા સિવાય ચાલે તેમ નથી જ, કારણ કે ત્યાં સુધી ચારગતિના ભયંકર દુઃખો ઊભા જ રહે છે અને વિષમ એવા આ સંસારમાં આવન-જાવન ચાલુ જ રહે છે જે ભયંકર દુઃખોનું પ્રદાન કરે છે. એટલે આપણું ધ્યેય તો એ જ હોવું ઘટે કે આપણે એવો પુરુષાર્થ આચરીએ કે જેથી વ્હેલી તકે અક્ષયસુખનો આવિષ્કાર કરી શકીએ, જીવનમાં જો કાંઇ કરવાનું હોય તો આ જ કરવાનું છે. બીજું બધું તો અનંતાજન્મોમાં અનંતીવાર કરી છૂટયા છીએ, છતાં આપણું ભવ ભ્રમણ ચાલુ જ રહ્યું છે. એટલે એ નક્કી થાય છે કે, આપણે કયાંક ભયંકર ભૂલ આચરી રહ્યા છીએ. આ ભવમાં તે ભૂલ સુધારી લઇએ.

જેણે પોતાના સ્વસ્વરુપને પિછાણ્યું છે, અને તેણે નિષ્કર્ષ કર્યો છે કે આત્મા સિવાય આ વિશ્વમાં બીજું કાંઇ જાણવા જેવું નથી. અને જે પોતાના સ્વસ્વરુપમાં લીન રહે છે, તે જીવનમુકત છે, જીવતો હોવા છતાં પણ પ્રત્યેક બંધનોથી મુકત છે, આવો જીવનમુકત પ્રત્યેક વ્યવહારો આચરતો હોય છતાં તે કર્મોથી બંધાતો નથી. કારણ કે તેની દૃષ્ટિ પર પદાર્થો પર નથી. તે સુખ-દુઃખ, રાગ-દ્વેષ આકુળતા-વ્યાકુળતા વિગેરે દ્વંદ્વોથી પર હોઈ તે સુખ-દુઃખાદિને કલ્પનાજન્ય માને છે. તેથી તેમાં તે લેપાતો નથી.

આત્માની અનુભૂતિનો આનંદ લૂંટતો હોય ત્યારે બહારની પ્રત્યેક પ્રવૃત્તિઓ રોકાઇ જાય છે, જીવતાં જ જેને એ દૃઢીભૂત થઈ જાય છે કે, આત્મા મુકત છે અને તે શરીર, ઇન્દ્રયો, મન, બુદ્ધિથી પર છે. વિદેહમુકત એટલે કે જેની વૃત્તિઓ તદ્દન ઉપશમ પામી ગઈ હોય અને દેહ હોવા છતાં પણ પોતે જાણે કે, દેહાદિથી હું ભિન્ન છું, તેની સાથે મારે કોઈ નિસ્બત નથી આવી દશામાં મસ્ત રહે અને સ્વસ્વભાવમાં લીન રહે તે વિદેહ મુકત છે. જીવન મુકત, આત્માનો આશ્રય લઈ, જીવનનાં પ્રત્યેક કામ જળકમળવત કરે છે. આત્મ સ્વરુપની પ્રાપ્તિમાં જ સાચી શાંતિ સમાયેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, તેમ સમજી તેને દૃઢતાપૂર્વક વળગી રહેવું જોઇએ.

જેનો આપણને અત્યંત સહવાસ હોય, તેનાથી જ્યારે છૂટા પડવાનો સમય આવે ત્યારે જરા મુશ્કેલી જણાય, તેવું જ આપણી આસક્તિમાં છે. પણ તે પ્રત્યેકનું બીજ આપણા પોતાના દેહના 'હું' પણામાં અને મારા પણામાં છે, માટે વિવેક અને વિચારપૂર્વક તેનાથી અલિપ્ત થવું અત્યંત આવશ્યક છે.

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવાને જગતના જીવોને આત્મ કલ્યાણનો માર્ગ બતાવતાં ફરમાવ્યું છે કે, હે જીવો! તમે સુખને ઇચ્છો છો, તે સુખ સામાન્ય હોઈ શકે નહિ કે જેના પછવાડે દુઃખ ડોકિયા કરતું હોય, પરંતુ તે સુખ અક્ષય હોય કાયમ ટકે તેવું હોય તેને જ સાચું સુખ કહેવામાં આવે છે. ઐકાંતિક અને આત્યાંતિક સુખની આ વાત છે કે જેમાં દુઃખનો અંશ પણ ન હોય. પરંતુ તમો તેને શરીર, ધન, વૈભવ, વિષય-કષાયો, અમન-ચમનાદિમાંથી ઢુંઢો છો, તે જ તમારી ભયંકર ભૂલ છે. કારણ કે વિશ્વના પ્રત્યેક બાહ્ય પદાર્થો, ચલાયમાન, અસ્થિર, પરિવર્તનશીલ અને વિનાશક છે તે તમને શાશ્વત સુખ કયાંથી બક્ષી શકે? ધન વિજળીના ચમકારા જેવું છે, શરીર નાશવંત છે. યૌવન ધનુષ્યના રંગ જેવું છે જે ઘડીકમાં જ વિલીન થાય છે. તેમાં સુખનો અંશ પણ નથી તે તો કલ્પી લીધેલું સુખ છે. જેમાં આપણે સુખ માનીએ છીએ, તેમાંથી જ ક્ષણાર્ધમાં પાછું દુઃખ માનવા મચી પડીએ છીએ તેને સુખ કહી જ કેમ શકાય? શાશ્વત સુખ તો પૂર્ણતામાં જ સમાયેલું છે. અને તે આત્માનો જ ગુણ છે. આત્મામાં તે ગુપ્તપણે રહેલું છે; અને ત્યાંથી જ તે પ્રાપ્ય બને તેમ છે, બહારમાંથી મેળવવા તમે ગમે તેટલી મહેનત આચરો પણ તે મળી શકે તેમ નથી, તમારી મહેનત નિષ્ફળ જ જવાની તે નિશંક હકીકત છે, તેમ શાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રતિપાદન કરવા માટે, વીતરાગ ભગવંતે ઉત્તરાધ્યન સૂત્રમાં કહ્યું છે કે 'સમ્યકજ્ઞાનના સંપૂર્ણ પ્રકાશથી અજ્ઞાન અને મોહના પરિપૂર્ણ નાશથી અને રાગ-દ્વેષના સંપૂર્ણ ક્ષયથી આત્મા શાશ્વત સુખનો આવિષ્કાર કરી શકે છે; રાગ-દ્વેષના સંપૂર્ણ ક્ષયથી આત્મા લોકાલોક પ્રકાશક બની જાય છે. રાગ-દ્વેષનો નાશ થતાં અજ્ઞાન અને મોહ પણ લુપ્ત થઈ જાય છે. કારણ કે રાગમાંજ દ્વેષની જડ રહેલી છે. બાહ્ય દૃષ્ટિએ વિચારીએ તો દ્વેષ વધુ ભયંકર લાગે છે, પરંતુ તત્ત્વ દૃષ્ટિએ વિચારી એ તો, દ્વેષ કરતાં પણ રાગ ભયંકર છે, કારણ કે દ્વેષ હજુ છોડી શકાય છે, પરંતુ રાગ છોડવો કઠીન છે. પણ અશકય નથી જો આપણે વિભાવમાંથી સ્વભાવમાં આવીએ. મિથ્યાત્વમાંથી સમકિતમાં આવીએ, અને આત્માથી આત્માને ઓળખીએ તેમાં લીન રહીએ, તો દૃષ્ટિ પર પરથી સ્વમાં સમાય છે એટલે પ્રત્યેક બાહ્ય ભાવો વિલીન થાય છે જેથી નિર્જરા થાય છે અને છેવટે પૂર્ણતાએ પહોંચાય છે જો પુરુષાર્થ સાચે રસ્તે હોય તો.

---

○ આત્માના બધા ગુણોને પ્રગટ કરી, તેના માલિક થવું તેનું નામ મોક્ષ. તે ગુણો પ્રગટ ન થાય ત્યાં સુધી સંસાર રહેવાનો અને આ શરીર નામની જેલમાં રહેવાનું.

* * *

○ સારી રીતે મરવાની તૈયારી તેનું નામ જ જીવન!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવો પાઠ

ધૂમકેતુ

[ માણસની મિલકત–ભૂખ કયારેય સંતોષાતી નથી એ આજની દુનિયામાં તો વધારે જગજાહેર વાત છે. આપણી દૃષ્ટાંતકથાઓ આવી કેટલીય વાતો રજૂ કરે છે. એવી જ અહીં રજૂ થતી આ સીધી દૃષ્ટાંત કથા છે જે દરેકને માટે વિચારણીય અને પ્રેરણાદાયક બને. ]

એક જંગલમાં એક યક્ષ રહેતો હતો. એને દેવોએ એક કામ સોંપ્યું હતું. એનું કામ એક જ, દરેક માણસનું માપ કાઢવાનું. એ એક વૃક્ષ ઉપર બેસે. સુંદર ગીત ગાય. રસ્તે જનારા ત્યાં આકર્ષાઈને આવે એટલે એમની સાથે વાતોમાં પડે. વાતવાતમાં એ માણસ પાસેથી કઢાવી લ્યે કે, એને શું દુઃખ છે અને પછી દુઃખના તત્કાલ ઉપાય બતાવે. માણસો તો ખુશ થઇ જાય કે આ યક્ષ ખરો પરોપકારી છે. એ તરત આપણાં દુઃખનો ઉપાય બતાવે છે.

પણ ઉપાય બતાવ્યા પછી યક્ષ કહે : 'જુઓ ભાઇ! આ તમને મેં રસ્તો બતાવ્યો તેથી તમારૂં ઉપરનું દુઃખ તો જશે –પણ અંદરનું દુઃખ તો રહેશે. એ તો ત્યારે જશે જ્યારે તમને આ મારી વાતમાંથી કાંઇ પણ રસ્તો સૂઝશે. તમારો રસ્તો તમને સૂઝે ત્યારે તમારૂં દુઃખ જાય. તે પહેલાં તો તમે કેવળ થીગડાં મારી શકો!'

પણ યક્ષની આ વાત ભાગ્યે જ કોઇ કાને દે. એ તો પોતાના દુઃખનો તાત્કાલિક ઇલાજ મેળવવા અધીરા થઈ જાય –અને યક્ષની ભેટ લઈને ઘેર દોડે!

હવે આ યક્ષ કોઈને પૈસા આપે કારણ કે, એને પૈસાનું દુઃખ હોય. કોઇને ઘર આપે કારણ કે એને ઘરનું દુઃખ હોય. કોઇને સંતાન આપે, કોઇને સ્ત્રી આપે, કોઈને કેવળ વાતો જ આપો એમ જેની જે મન આકાંક્ષા તેને તે મળે.

એક વખત એવું બન્યું : એક રાજઅધિકારી ત્યાંથી નીકળ્યો, એને કોઇ વાતની ખામી ન હતી –જીવનમાં એને સંતાન હતાં, સ્ત્રી હતી, પૈસા હતાં, ઘર હતું, અધિકાર હતો. ઘણું બધું બીજાને અપ્રાપ્ય એને મળી ગયું હતું.

એનું મન ઠેકાણે હોત તો આ મળેલી સમૃદ્ધિ એને માટે જીવનમાં સુખરૂપ બની શકે તેમ હતું.

પણ છેવટે તો માણસનું મન ગમે ત્યાંથી દુઃખ–અસંતોષ શોધી કાઢે છે, ને એને દૂર કરવા એ દોડા કરે છે. એને એ જીવનનું પરાક્રમ માને છે. આ અધિકારીને પણ એક વાતનું દુઃખ લાગે, પોતે મોટો અધિકારી, રાજપાટમાં માન, સત્તા, બધું ખરૂં, પણ એની સામે એક શેઠ રહે એનો વૈભવ જોઇને એને થાય કે, સાળું આપણને આવું તો આ જિંદગીમાં નહિ મળે. આપણો તે કાંઈ અવતાર છે?

એ રાજઅધિકારી આ રસ્તે ફરતો ફરતો આવ્યો. એના મનમાં પોતાની ઊણપના જ વિચારો ચાલી રહ્યા હતા. મારે ત્યાં આ નહિ, ને પેલું નહિ.... વાત એના મનમાં આ ચાલી રહી હતી.

અને ત્યાં એણે વૃક્ષ ઉપરથી પેલા યક્ષને બોલતો સાંભળ્યો, 'હે ભાઇ! તારે કાંઇક દુઃખ લાગે છે. તારી દુઃખની વાત મને કહે તો હું મારાથી બને તે મદદ તને કરૂં!'

પેલા અધિકારીએ તરત જવાબ વાળ્યો : 'ભાઇ! મારે બધું સુખ છે. પણ કહેવતમાં કહ્યું છે ના કે, વસુ વિના નર પશુ. એ વસુના વાંધા છે!'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ઓ હો! વસુના વાંધા છે ના? પણ તું વિચાર કરી જો. એ આવશે પછી તો તારે દુઃખ નહિ રહે ના?'

'અરે! પૈસા આવે પછી કોઇને દુઃખ રહે છે તે મને રહેશે? ખાશું, પીશું ને મજા કરીશું. થાય તે દાન કરીશું. વધશે તે છોકરાં વાપરશે. પછી દુઃખ કેવું?'

'પણ તું બરાબર વિચાર કરી જો—મેં કંઇકને પૈસા આપ્યા છે, પણ પૈસા મળવાથી એમનું જે સુખ હતું એ પણ એમણે ગુમાવ્યું છે!'

'અરે હોય કાંઇ! પૈસા મળવાથી મેં તો કોઇને દુઃખી થતો જોયો નથી!'

'તો ત્યારે તું ઘેર પહોંચી જા. તારે ત્યાં મેં સોનાના છ ચરૂ મૂકયા છે. પાંચ આખા છલકાય છે, છઠ્ઠો થોડો અધૂરો છે!'

'અરે! કાંઈ વાંધો નહિ. છ ચરૂ ધન કોને કહે? મારું દુઃખ અરધું પરધું તો આ સાંભળતા જ ચાલ્યું ગયું છે!' યક્ષ મનમાં ને મનમાં હસી રહ્યો ને આ ભાઈ દોડતા ઘેર પહોંચ્યા.

ઘેર જઇને જુએ છે તો છ ચરૂ સોનું ભરેલા એની દૃષ્ટિએ પડયા. એ તો આનંદમાં આવી ગયો. એને થયું પેલા વૃક્ષ પાસે એ યક્ષનું જ એક થાનક કરીશું. લોકો એની પૂજા કરશે. અને યક્ષને પણ સારૂ લાગશે.

પણ એટલામાં એને એક બીજો વિચાર આવ્યો; આ અધૂરો ચરૂ પહેલા પૂરો કરી લઈએ પછી બધું કરીશ,

અને એ અધૂરો ચરૂ પૂરો કરવા માટે હવે એ રાતદિવસ મહેનત કરવા મંડયો. કોઇનાં કામ કરે, કોઈની પાસે પડાવે કોઇને ધમકાવીને કઢાવે. કોઈને ફોસલાવે. કોઇની પાસે માગે. અને એમ જે રકમ આવે એ બધાનું સોનું લઈ ને પેલા અધૂરા ચરૂમાં નાંખે.

પણ કોણ જાણે શું થાય —એ ચરૂ જ્યારે જુએ ત્યારે એટલો ને એટલો અધૂરો દેખાય! પછી તો એણે રાજાને પણ મોંએ ચડીને કહ્યું, : 'મારો પગાર વધવો જોઇએ. મારે ઘણાં કામ કરવાં પડે છે! ભાડું ભથ્થું તો હું ઓછામાં ઓછું લઉં છું એટલે પગાર વધવો જોઇએ!'

રાજાને એના કામથી સંતોષ હતો, એટલે એણે પગાર વધારી આપ્યો.

એ પગાર વધારો પણ એણે ચરૂમાં પધરાવવા માંડયો!

પણ ચરૂ? એ તો અધૂરો ને અધૂરો! એમાં ન કાંઈ વધે કે ઘટે! પેલા અધિકારી ભાઇ તો હવે ચિંતામાં પડી ગયા. એને એ ચરૂ પુરો કરવો છે એ પૂરો થતો નથી. અને એટલે એમના બીજા કેટલાંય કરવા ધારેલા સારાં કામ પણ રખડયા કરે છે!

ઘડીભર તો એમ પણ થાય કે, એ ચરૂ પડે ખાડમાં. આપણે એ પૂરો કરવો નથી. પણ એ વિચાર આવે ન આવે ત્યા એને થાય છે ના ના, થોડાક માટે એને અધૂરો રહેવા દેવો? પછી તો માણસના પરાક્રમની કિંમત શી? પણ એમ ને એમ દિવસો પસાર થતા રહ્યા એને છેવટે લાગ્યું કે એ યક્ષ પાસે જ જવા દે. એનો ખુલાસો મેળવવા દે.

એટલે એ પાછો યક્ષ પાસે ગયો. પણ આ વખતે એણે યક્ષને જ જોયો નહિ. ઘણો પ્રયત્ન કર્યો પણ યક્ષ કયાંય દેખાણો નહિ.

છેવટે થાકીને એણે મોટેથી બૂમાબૂમ કરી ત્યારે એના કાનમાં અદૃશ્ય અવાજ માત્ર આવ્યો : 'હે ભાઇ! તું મફતનો આહીં આવ્યો છે. તારો એ અધૂરો ચરૂ ભરાશે નહિ ત્યાં સુધી તું સુખી થવાનો નથી!' પણ તો એ શી રીતે ભરાય? હું તો એમાં કાંઈ ને કાંઈ નાખતો રહું પણ એ ઊલટાનો વધારે ને વધારે ઊણો થતો જાય છે!'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'એને ભરવાનો ઉપાય તો તદ્દન સહેલો છે. કાંઇ નહિ નાખે તો એ ભરાઇ જશે!'

'આંય તામીજા!' રાજઅધિકારી ભાઇ તો આ સાંભળીને ચોંકી ઊઠયા.

એટલે એ તો ઘેર જઇને એ નિયમ પાળવા લાગ્યા. પણ ચરૂ તો ભારે ચમત્કારી નીકળ્યો. એ તો હતો તેવો ને તેવો રહ્યો! એટલે વળી એ થાકીને પેલા યક્ષ પાસે ગયો. યક્ષે કહ્યું : ભાઇ! જો તું સમજ્યો હોત તો તો એ અધૂરો ચરૂ કયારનો ભરાઈ ગયો હોત. તારી પાંચે ઇન્દ્રિયોને તું છલકાવી દે તો પણ તને સુખનો અનુભવ નહિ થાય–જ્યાં સુધી આ તારો છઠ્ઠો ચરૂ–મન અધૂરૂં છે ત્યાં સુધી.

એટલે તું હવે ઘેર જા. અને આ છઠ્ઠા ચરૂને છલકાવવાનો પ્રયત્ન છોડી દે. તું તારા મનને કાંઇ ન આપીને ઘણું કેમ આપી શકે–એ વિષે વિચાર કરતો થા. એટલે છઠ્ઠો ચરૂ પણ છલકાઈ જશે!

અને એ બધા છલકાઈ જાય ત્યારે તું આવજે. સુખ તને તરત ત્યારે મળશે. તે પહેલાં નહિ!

જેણે જેણે છઠ્ઠો ચરૂ ભરવાનો યત્ન કર્યો છે એ બધા જ હેરાન થઈ ગયા છે.

એ ન ભરવાથી ભરાય છે. આ વાત છે, મનને આપવાથી નહિ, ન આપવાથી એ તૃપ્તિ પામે છે. એની આ ખૂબી છે......!

રાજઅધિકારી તો આ સાંભળીને મનમાં ઘા ખાઇ ગયો. એ ઘેર તો ગયો પણ હવે મનને કાંઇ ન આપવું એ નવો પાઠ એને ભણવાનો હતો. એ વિષે એ વિચારમાં પડી ગયો.

એના પોતાના પાડોશી શેઠ સાથેની સ્પર્ધા તો ઊડી ગઈ, પણ એને નવાઈ તો એ લાગી કે, અત્યાર સુધી એણે જે જે કર્યું હતું, એમાંનું કાંઈ જ આ નવા પાઠને માટે ઉપયોગી ન હતું!

એણે એ મનને કાંઈ ન આપવાનો નવો પાઠ શીખવો રહ્યો.

# સ દા ચા ર

જન્મથી તમામ માનવો એક સરખાં જ હોય છે. પણ જીવન જીવવાની રીત જ એમના નામ સાથે સજ્જનતા કે દુર્જનતા, નમ્રતા કે ઉચ્છુંખલતા, કુલીનતા કે અકુલીનતાનું લેબલ ચીપકાવી દેતી હોય છે.

સદાચાર એ માનવતાનો દિલોજાન દોસ્ત છે. સંસ્કારિતાની એ પારાશીશી છે. હૃદયની શુદ્ધતા એ સદાચારનું પ્રથમ સોપાન છે. સદ્‌ગુણોનો અંબાર એ છે જીવનનો શણગાર.

સુવર્ણ કે ધન ભૌતિક સુખોની વણઝાર આપી શકે પણ સાચો આનંદ સદ્‌ગુણો જ આપી શકે!

ધન વ્યક્તિને ઉચ્ચ સ્થાને બેસાડી શકે. પણ એને એ સ્થાને શોભાવવાનું સામર્થ્ય તો સંસ્કારમાં જ છે.

પ્રતિષ્ઠા વગરના લોકોનું મૂલ્ય શ્વાસ લેતાં પૂતળાથી અધિક કશું જ નથી.

સદ્‌ગુણો એ પ્રશંસાની વસ્તુ નથી પણ એ અનુસરણનો વિષય છે. સદાચાર એ ઇશ્વરની કરુણાએ માનવને અર્પેલો મહાન પુરસ્કાર છે.

'સદાચાર વગરનું નામ, જીવનને બનાવે શ્યામ'
'જેની પાસે સંસ્કારનું ભાથુ, એને નમે જગત આખું'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભયકુમારની ન્યાયબુદ્ધિ

લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

રાજગૃહીના રાજવી શ્રેણિક પાસે એક વખત ભારે વિચિત્ર ફરિયાદ આવી. ફરિયાદી એક બ્રાહ્મણ હતો. પાંચ સાત વરસો સુધી પરદેશમાં રહી તે ઘણું ધન કમાઈ રાજગૃહી આવતો હતો. રાજગૃહી નજીક પહોંચતાં રાત પડી ગઇ હતી. બ્રાહ્મણ તેની યુવાન પત્નીને રાજગૃહીમાં પોતાના ઘેર રાખી ધન ઉપાર્જન અર્થે પરદેશ ગયો હતો અને રાજગૃહી નજીક આવતાં વિચાર આવ્યો કે ઘણાં વરસો ઘરની બહાર રહ્યો, એટલે પત્નીનું ચારિત્ર અને વર્તન જોયા બાદ આ બધું ધન ઘેરે લઈ જવાય તો ઠીક આમ વિચારી, આજુબાજુ કોઇ જોતું નથી તેની ખાતરી કર્યા બાદ એક ઝાડ પર ચોક્કસ નિશાની કરી તેની નીચે બધું ધન દાટી ઘર તરફ જવા નીકળ્યો.

બ્રાહ્મણ રાતના ઘેરે પહોંચ્યો અને તેની પત્ની તો તેને અચાનક આવેલો જોઇ હર્ષાવેશમાં ઘેલી ઘેલી થઇ ગઇ. બ્રાહ્મણને અત્યંત આનંદ થયો અને થયું કે લક્ષ્મી પ્રાપ્ત થઈ અને પત્નીએ પણ આબરૂ જાળવી રાખી છે. બ્રાહ્મણે પોતે લાવેલ ધનની તેમજ એ જે ઝાડ નીચે દાટયું હતું તે ઝાડના થડ પર પત્નીનું નામ મોહિની લખ્યું હતું વિગેરે તમામ વાતો કરી, અને ઘણાં વરસો પછી મળ્યાં એટલે અલકમલકની વાતો કરી રાત્રિના છેલ્લા પહોરે બંને ઘસઘસાટ ઉંઘી ગયા.

બીજે દિવસે સવારમાં નાહી ધોઇ પૂજા પાઠ કરી પોતે પત્ની બંને જે ઝાડ નીચે ધન દાટયું હતું ત્યાં જઇને જુવે છે તો ધન ના મળે. બંને જણાને ભારે આશ્ચર્ય થયું, અને બ્રાહ્મણે રાજાની પાસે જઇ ફરિયાદ કરી કે મારૂં તમામ ધન કોઇ ઉઠાવી ગયું છે. બ્રાહ્મણ ધન લઇ આવ્યો હતો અને તે દાટયું હતું તે વાતનો કોઇ સાક્ષી ન હતું. ધન દાટતી વખતે આસપાસમાં કોઇ જ ન હતું, તે વાત તો બ્રાહ્મણે પોતે જ કરેલી એટલે આ ધનના ચોરને કઇ રીતે પકડવો એ મોટો કોયડો હતો. ન્યાયનો કોઇ મૂંઝવણભર્યો પ્રશ્ન આવે ત્યારે એ કાર્ય મહામંત્રી અભયકુમારને સોંપવામાં આવતું અને આ ફરિયાદનો ન્યાય કરવાનું કામ પણ અભયકુમાર પર આવ્યું.

અભયકુમારે બ્રાહ્મણને એકાન્તમાં પોતાની પાસે બોલાવી આ બનાવને લગતી બધી માહિતિ પૂછી. બ્રાહ્મણ બિચારો અત્યંત ભોળો અને સરલ હતો. તેણે કહ્યું કે: રાત્રે મારા ઘરની નજીક પહોંચતાં મારી પત્નીએ પાળેલો કુતરો ભસવા લાગ્યો, એટલે દ્વારની સાંકળ ખખડાવ્યા વિનાજ તેણે ઘરનાં દ્વાર ઉઘાડયાં. વિયોગના લાંબા સમય દરમ્યાન તે સતત મારૂં ધ્યાન ધરતી, એટલે જે દિવસે હું પાછો ફર્યો તે પહેલાંની રાતે તેને સ્વપ્ન દ્વારા મારા પાછા આવવાની આગાહી મળેલી. તેથી ભોજનની વિધવિધ સામગ્રી તૈયાર કરી મારીજ રાહ જોઈ તે બેઠી હતી. વર્ષોના અંતે અમે મળ્યાં એટલે ભોજન લઈ લગભગ આખી રાત અમે વાતોમાં વીતાવી અને કેટલું ધન લઈ આવ્યો, કયાં દાટયું, દાટવાનો વિચાર શાથી આવ્યો, ઝાડ પર શી નિશાની કરી, વિગેરે તમામ હકીકત મારી પત્નીને કહી સંભળાવી.

તે પછી અભયકુમારે બ્રાહ્મણની પત્ની મોહિનીને બોલાવી પૂછયું : 'બેન! તમારા પતિના આવવાની ખબર ન હોવા છતાં તેના માટે સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરી રાખવાનું તમને કેમ સૂઝયું ?'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોહિનીએ મહાન સતી માફક નીચું મુખ રાખી જવાબ આપ્યો: 'મારા પતિ પરદેશમાં ગયા બાદ તેના નામનો હું જપ કર્યા કરતી, તેથી જે દિવસે તેઓ આવ્યાં તે પહેલાંની રાત્રિએ સ્વપ્નમાં એક દેવીએ આવી મને કહેલું કે આજ રાત સુધીમાં તારો પતિ પાછો આવી જશે. સ્વપ્ન પર શ્રદ્ધા રાખી મેં મારા પતિ માટે રસોઇ તૈયાર કરી રાખી હતી, કોઈ અન્ય માટે નહોતી કરી.'

મોહિનીએ એક નવો બનાવેલો સુંદર ચંદન-હાર પહેર્યો હતો. તેની પર અભયકુમારનું ધ્યાન પડયું એટલે કહ્યું : 'અહો ! આ તો અતિ સુંદર હાર છે, મને જરા જોવા આપશો?''

મોહિનીએ ગળામાંથી ચંદનહાર કાઢી અભય-કુમારને જોવા આપ્યો અને અભયકુમારે જોયું કે એ નવા બનાવેલાં હારને બંને છેડે 'મોહિની' અને 'મદન' એવાં નામો કોતરેલાં હતાં. તેણે મોહિનીને હાર પાછો આપ્યો અને બ્રાહ્મણને બોલાવી બંને જણને કહ્યું : 'તમારૂં ધન પાછું મળી જશે, એ માટે બે ફીકર રહેજો; હવે આવતી કાલે એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય, એક વણિક અને એક સોનીને તમારે ત્યાં ભોજનનું આમંત્રણ આપજો, અને પાંચમો હું પણ આવીશ.'

બ્રાહ્મણે મોહિનીની સલાહ મુજબ ચારે જણને આમંત્રણ આપ્યાં, અને અભયકુમાર તો સૌથી વહેલાં બ્રાહ્મણને ત્યાં ભોજન અર્થે પહોંચી ગયા, બ્રાહ્મણના ઘર પાસે પહોંચતાં કુતરો ભસવા લાગ્યો પણ મોહિનીએ તેને શાંત પાડયો. તે પછી, બ્રાહ્મણ, વણિક અને ક્ષત્રિય એક પછી એક આવ્યા, અને કુતરો તે સૌની સામે ભસ્યો. સૌથી છેલ્લે સોની આવ્યો, પણ તેની સામે ભસવાને બદલે કુતરો તેની સાથે ગેલ કરવા લાગ્યો અને સોની પણ તેને પંપાળવા લાગ્યો.

ભોજન સમયે મોહિની સૌને પીરસતી હતી અને અભયકુમારે જોયું કે બધાંના ભાણે પીરસતી મોહિની સોનીના ભાણામાં પીરસતી વખતે મલકાટ અનુભવતી. જમ્યા બાદ સૌ પોતપોતાના ઘેર ગયા એટલે અભયકુમારે સોનીને કહ્યુ : 'મદનભાઈ! મારે રાજમહેલમાં જવું છે, પણ જતાં જતાં વચમાં તમારા ઘરના બે ઘડી માટે મહેમાન પણ બનવું છે.' અભયકુમારે પોતાનું નામ કઈ રીતે જાણ્યું તેની મદનને અજાયબી તો થઇ પણ તે છૂપાવી તેને કહ્યુંઃ 'અહો ! મહામંત્રીજી, આપના શુભ પગલાં મારા ઘરમાં થાય એ તો મારૂં અહોભાગ્ય કહેવાય.'

મદનની સાથે તેના ઘેરે પહોંચ્યા પછી અભય-કુમારે તેને કહ્યું: 'પેલા ગરીબ બ્રાહ્મણનું ધન તમે તે દિવસે વહેલી પ્રભાતે જઇ ઝાડ નીચેથી ખોદીને લઈ આવ્યા છો, તે મને આપી દો જેથી આ વાતનો કોઈ જાતનો ભવાડો ન થાય. મોહિનીએ મને તમામ વાત કરી દીધી છે. પણ આ બધી વાત જાહેરમાં આવતાં તમારે જેલ ભેગું થવું પડશે, તમારી માંદી પત્નીને આઘાત લાગતાં તે કદાચ મૃત્યુ પામશે, મોહિનીના પતિનું જીવન ધૂળધાણી થઈ જશે અને પતિત મોહિનીને આપ-ઘાતના પંથે જવું પડશે, ન્યાયનું આવું પરિણામ આવે એ મને ગમતું નથી અને તમને પણ નહિં જ ગમતું હોય, એટલે આ વાત આપણા બે સિવાય કોઈ ત્રીજો ન જાણે એ રીતે પતાવી દેવી હોય તો વગર વિલંબે બ્રાહ્મણનું ધન મને સોંપી દો.'

અભયકુમારની વાત સાંભળી સોની સ્તબ્ધ થઈ ગયો. તેને લાગ્યું કે મોહિનીએ તમામ વાત મહામંત્રી પાસે કબૂલેલી છે, તેથી ઘરમાં જઇ બ્રાહ્મણના ધનનું પોટલું લાવી મહામંત્રી પાસે મૂકતાં કહ્યું : 'નામદાર ! મેં મોહિનીને નહિ પણ તેણે જ મને ફસાવેલો અને હવે તમામ દોષનો ટોપલો મારા પર નાખે છે. બ્રાહ્મણ આવ્યો તે રાત્રે હું તેના જ ઘરમાં હતો, તેણે જ મને સંતાડયો અને વહેલી સવારમાં ધનને લગતી બધી વાત કરી તેણે જ લઇ આવવા કહેલું. ધન લઈ અમારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંનેને નાશી જવાની તેની યોજના હતી. પણ મેં જ ઉતાવળ ન કરવા કહ્યું, હવે આજે આ સ્ત્રી મને અપરાધી બનાવવા નીકળી છે.'

સોનીની વાત સાંભળી અભયકુમારે કહ્યું : 'બહેન! આ જગતમાં કોઇ પણ સ્ત્રી કોઇ પુરુષને, અગર કોઈ પુરુષ કોઈ સ્ત્રીને કદી ફસાવી શકે નહિ. સ્ત્રી અને પુરુષમાં રહેલી વાસનાના કારણે એક બીજાનાં શિકાર બને છે, અને અધઃપતનની ઊંડી ખીણમાં ગબડી પડે છે. તારો અપરાધ મહાન છે. પણ તેની શિક્ષા તરીકે ત્રણ વર્ષ સુધી રાજગૃહી છોડી અન્ય સ્થળે જઇ રહેવાની તને શિક્ષા ફરમાવું છું."

સોની તેના કુટુમ્બ સાથે બીજા દિવસે રાજગૃહી છોડી ગયો. તે પછી, અભયકુમારે મોહિનીને બોલાવી તેને તેના ધણીનું તમામ ધન સુપ્રત કરતાં કહ્યું : 'બેન પેલા સોનીએ તમારા બંને વચ્ચેની અધમ મૈત્રીની તમામ વાત કબૂલી આ ધન મને સોંપી દીધું છે. અને તેના પાપ કૃત્ય માટે તેને અત્યંત પસ્તાવો થયો છે. આ બધી વાત બહાર આવતા તારા અને તારા પતિના, તેમજ સોની અને તેની પત્નીના જીવનનો ભાંગીને ભૂકો થઈ જવાનો; પણ આવું બને તેમ હું ઇચ્છતો નથી, એટલે આ વાત અહિંથી જ પતી ગઈ એમ સમજવાનું છે. સોની અને તારા વચ્ચેની મૈત્રીના સંદર્ભમાં પ્રેમ નહિ પણ મોહનું તત્ત્વ હતું અને લગ્ન જીવનમાં પતિ–પત્નીમાંથી કોઇ એક કે બંને જ્યારે શરીર મોહને વશ થઈ શીલનું ખંડન કરે છે. ત્યારે ધરતીકંપના આંચકાથી તારાજ થયેલી સમૃદ્ધિના ભંગારરૂપ તેઓનું જીવન બની જાય છે. મનુષ્યને સાચા અને ખોટા વચ્ચેનો ભેદ સમજવાની બુદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. પશુઓમાં આ શક્તિનો અભાવ છે છતાં તારા પાળેલો કુતરો જે રીતે તને વફાદાર રહ્યો તે રીતે તારા ધણી પ્રત્યે તું વફાદાર ન રહી શકી. તારા આવા વર્તનની તને શરમ નથી થતી ?'

અભયકુમારની વાત સાંભળી મોહિનીને પસ્તાવાનો પાર ન રહ્યો, અને તેની આંખોમાંથી પશ્ચાતાપના આંસુની ધારા વહેવા લાગી તેને તેની ભૂલ સમજાણી અને અભયકુમારે તેને કલંકમાંથી બચાવી લીધી તે માટે ઉપકાર માનતાં કહ્યું : મહામંત્રીજી! આપે મને અધઃપતનની ઊંડી ખાઇમાંથી બચાવી લીધી છે, અને આપના આવા અહેસાન માટે ભવોભવ હું આપની ઋણી રહીશ. જીવનમાં જેવી ભૂલ કરી તેવી ભૂલ કદી ન કરવાની હું આપને ખાતરી આપું છું.'

બ્રાહ્મણને ધન પાછું મળ્યાનો આનંદ થયો. તેની ફરિયાદ તો ધન પાછું મેળવવા માટેની હતી, પણ ચતુર મહામંત્રીએ તેને તેની પત્ની પણ પાછી મેળવી આપી હતી, જેની ખબર અભયકુમારે તેને કદી પણ પડવા ન દીધી. ભંગારરૂપ બનવાને સર્જાયેલાં બે જીવનને અમૃતરૂપ બનાવી દીધા.

ગુનાની શિક્ષા પાછળનો હેતુ અનિષ્ટનું થતું આચરણ અટકાવવાનો છે, અને ન્યાયની આ જ સાચી પ્રણાલિકા છે. ગંભીર બીમારીમાં બાહોશ ચિકિત્સકની જેમ જરૂર પડે છે, તેમ અધમમાં અધમ પાપીઓ પ્રત્યે વધુમાં વધુ દયા અને અનુકંપા ભર્યા વર્તાવની પણ જરૂર રહે છે. જે ન્યાયથી માણસને પોતાના ગુનાહીત કૃત્યો માટે શરમ અને પશ્ચાતાપ થાય એ જ ન્યાય સૌથી શ્રેષ્ઠ છે, અને ગુનેગારો માટે એનાથી વધુ કડક શિક્ષા બીજી હોઈ શકતી નથી.

ગુના પરત્વેની શિક્ષાનો હેતુ માનવીના જીવનને ભાંગીને ભૂકો કરી નાખવાનો નહિ પણ એનું નવું ઘડતર કરવાનો હોવો જોઇએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ અર્હં નમઃ ॥

# શ્રી કચ્છ ભદ્રેશ્વરની યાત્રાએ

લે.: કાંતિલાલ હેમરાજ વાંકાણી

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર યોજીત (વર્ષની છઠ્ઠી ફરતી યાત્રા) શ્રી કચ્છ ભદ્રેશ્વરનો ત્રણ દિવસનો (તા. ૨૫–૯–'૮૯ થી તા. ૨૭–૯–'૮૯) યાત્રા પ્રવાસ.

ભવ્ય જીવો આપણાં પ્રભાવક તીર્થોની ભાવપૂર્વક સ્પર્શના કરતાં કરતાં જે આત્મિક આનંદ મેળવે છે જે અલભ્ય છે અને પૂર્વના સંચિત કર્મોની નિર્જરા કરે છે. આમ કર્મક્ષય થતાં આત્મા ઉર્ધ્વગતિને પામે છે. આત્મા ધન્યતા અનુભવે છે અને જીવન ઉન્નત બને છે. મન પ્રફુલ્લિત થાય છે. એટલે જ જે આત્માને તારે છે તેને તીર્થ કહ્યું છે.

રવિવાર (તા. ૨૪–૯–'૮૯)ની મધ્ય રાત્રિ પછી રાત્રિના ૦–૩૯ મિનિટે (તા. ૨૫–૯–૮૯) ભાવોલ્લાસ સાથે શ્રી કચ્છ ભદ્રેશ્વર શ્રી મહાવીર સ્વામીની જય અને શ્રી જિન શાસનદેવની જય ઘોષણા સાથે ભાવનગર (હેરીસ રોડ)થી શ્રી કચ્છ ભદ્રેશ્વર તીર્થની (લકઝરી બસ દ્વારા) યાત્રા પ્રવાસનો શુભ આરંભ કરતાં મંગલ પ્રયાણ શરૂ કર્યું હતું. રસ્તામાં આટકોટ, રાજકોટ અને મોરબી ઉપર થઈ સવારના ૭–૧૫ કલાકે કટારિયા પહોંચ્યા. (કી.મી.૩૩૪)

કટારિયામાં શ્રી મહાવીરસ્વામી ભગવાનનું સુંદર દેરાસર છે. શ્રી મહાવીરસ્વામી ભગવાનની સફેદ આરસની સુંદર પ્રતિમા છે. બાજુમાં નીચે ભોંયરામાં શ્રી નેમિનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા છે. ઉપર બાજુની દેરીમાં આ. શ્રી કનકસૂરિ મહારાજના પગલાં છે. અહિં દેવદર્શન ચૈત્યવંદનાદિ કર્યા. અહિં શ્રાવકોના ૭–૮ ઘર છે. બોર્ડીંગ છે જેમાં રહીને ૧૪૦ વિદ્યાર્થીઓ ભણે છે. ધર્મશાળા અને ભોજનશાળા છે. અહિં નવકારશી કરી ચા–નાસ્તો લીધો. અહિંથી ૮–૪૫ના ભચાઉ જવા નીકળ્યાં.

ભચાઉ લગભગ ૧૦–૧૫ મીનીટે પહોંચ્યા. (કી.મી.     ) અહીં શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુનું સુંદર જિનાલય છે. નીચેના ભાગે પણ દેરાસર છે. બાજુમાં જૂનું શ્રી અજીતનાથ પ્રભુનું જિનાલય છે. નવા જિનાલયની બાજુની દેરીમાં આ. ભગવંત શ્રી કનકસૂરિ મહારાજ કે જેમની આ કર્મભૂમિ છે તેઓની બેઠેલી મોટી પ્રતિમા બિરાજમાન કરેલી છે. અહીં શ્રાવકના ૧૩૫ ઘરો છે. ઓસવાલના લગભગ ૧૫૦ ઘર છે. અહીંથી નીકળીને અંજાર લગભગ ૧૧–૩૦ કલાકે પહોંચ્યા.

અંજાર દાદાવાડીમાં શ્રી વિમલનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. શ્રી વિમલનાથ પ્રભુના દર્શન કરી સૌ ધન્ય બન્યા. દેવદર્શન અને ચૈત્યવંદનાદિ કર્યા. નીચેના ભાગે શ્રી જિનકુશલસૂરિ મહારાજની મૂર્તિ છે ત્યાં વંદના કરી ત્યાંથી ગામમાં આવેલાં શ્રી શાંતિનાથ પ્રભુના જિનાલયે દર્શનાદિ કરી પછી શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરે ગયા. શ્રી વાસુપૂજ્ય સ્વામીના દર્શન કરી ઉપરના ભાગે શ્રી આદિનાથ પ્રભુના દર્શન કરતાં સૌ આનંદ પામ્યા. ત્યાંથી શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના જિનમંદિરે ગયા અને શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના દર્શન-વંદન કરી પાંજરાપોળ પાસે થઇ બહારના ભાગે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવેલ જેસલ-તોરલની સમાધિએ ગયા. કચ્છ પ્રદેશની ઉપર ભૂમિ પર આવેલા નાના નાના ગામોમાં આવેલા સુંદર જિનાલયો અને પ્રાચીન તેમજ અર્વાચીન જિનબિમ્બોને નિહાળી આત્માને ખૂબજ આનંદ થયો. અંજારથી નીકળી ગાંધીધામ ઉપર થઇને સીધા ભદ્રેશ્વર વસહી પહોંચ્યા. બપોરના ૧-૪૫ લગભગ

શ્રી કચ્છ ભદ્રેશ્વર વસહી તીર્થ (શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ) કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં આવેલું પ્રાચીન ગામ છે. જેનું જુનું નામ ભદ્રાવતી છે, પ્રાચીન કાળની આ નગરી ઘણી સુંદર અને સમૃદ્ધ હતી. કચ્છના ધર્મ સ્થાનોમાં આ તીર્થ સૌથી વધુ પ્રાચીન છે. ૨૫૦૦ વર્ષ પ્રાચીન આ તીર્થનું ઉત્તુંગ શિખરવાળું દેવ વિમાન જેવું ભવ્ય અને અલૌકિક જિનાલય જોતાં જ મન ઉલ્લાસિત બને છે.

અહીંથી મળેલા તામ્રપત્ર પ્રમાણે ૨૫૦૦ વર્ષ પહેલાં ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૨૨ વર્ષે ભદ્રાવતી નગરીના તત્કાલિન રાજા સિદ્ધસેનની સહાનુભૂતિ અને સહાયથી ભદ્રાવતીના શ્રાવકે દેવચંદ ભૂમિ સંશોધન કરી આ તીર્થનું શિલારોપણ કર્યું. શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૪૫ વર્ષે પરમ પૂજ્ય શ્રી કપિલ કેવલી મુનિવરે ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા અહીં પ્રતિષ્ઠિત કરી. આ કલ્યાણકારી પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભદ્રાવતી નગરીના અનન્ય બ્રહ્મચારી દંપતિ વિજયશેઠ અને વિજ્યા શેઠાણીએ જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી, પુણ્ય પ્રભાવક શ્રેષ્ઠીવર્ય જગડુશા પણ આ નગરીના પનોતા પુત્ર હતા.

કાળબળે આ પવિત્ર તીર્થને ઘણી વિષમ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું. પરિણામે કાળક્રમે તેનો જીર્ણોદ્ધાર થતો આવ્યો છે. આમ આ તીર્થના નવ જીર્ણોદ્ધાર થયા છે.

કાળક્રમે આ નગરને ક્ષતિ પહોંચતાં આ મંદિરમાં બિરાજેલી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને એક તપસ્વી મુનિએ સુરક્ષિત રાખી હતી. વિ. સં. ૧૯૮૨થી છે (૬) વર્ષ સુધી શેઠશ્રી વર્ધમાન શાહે આ તીર્થનો જિર્ણોદ્ધાર કરાવીને શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી જે મૂર્તિ નીચેના સં. ૧૯૨૨ નો લેખ હોય તેમ જણાય છે. જિનાલયમાં ૧૯સદીનો એક મહત્વનો શિલાલેખ છે. ત્યારબાદ તે મુનિશ્રીને આ તીર્થનું મહત્ત્વ સમજાતા શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમા શ્રીસંઘને સોંપી. જે આજે પણ જિનાલયની બાવન દેવકુલીકાઓ (દેરીઓ) જે ભવ્ય અને કલામય છે તેમાં ૨૫ નંબરની દેરીમાં પ્રતિષ્ઠિત કરેલ છે. આ પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમા ઘણી નયનરમ્ય અને અલૌકિક છે. જે સોનેરી મુગટ અને આંગીથી ઘણી દેદીપ્યમાન લાગે છે, હાલના મૂળનાયક શ્રી મહાવીર પ્રભુની પ્રતિમા ઘણી નમણી, મનોહર અને પ્રભાવિક છે. આ બંને પ્રતિમાના દર્શન-પૂજન કરતાં હૈયું ભાવવિભોર બને છે.

અહીં ભોજનશાળામાં સૌ જમ્યા. અહીં પૂજા સાંજના ૫-૦૦ વાગ્યા સુધી ચાલે છે એટલે સૌ નાહી ધોઈ દેવદર્શન-સેવા પૂજા-ચૈત્યવંદનાદિ કર્યા, સ્નાત્રપૂજા ભણાવી, સાંજના ભોજનશાળામાં હલકો ખોરાક લીધો રાત્રે ગવૈયા સાથે સૌએ ભાવપૂર્વક ભાવના ભાવી. સૌના મન ભાવ-સભર બન્યા. આરતી મંગળદીવો ઉતાર્યા

દેવ વિમાન જેવા ભવ્ય અને કલામય જિનાલયના પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાં જ પ્રભુ પ્રતિમાજીના સંપૂર્ણ દર્શન થઈ શકે એવું જિનાલયનું અનુપમ પ્રેક્ષણીય સ્થાપત્ય કૌશલ્ય છે. હમણાનું બાંધકામ લગભગ ૨૦૦ વર્ષ જૂનું હોય તેવું જણાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂળનાયકના રંગમંડપના શિલાલેખની ઉપર શ્રી મહાવીર ભગવાનના અધિષ્ઠાતા દેવ-દેવી શ્રી માતંગ યક્ષ તથા શ્રી સિદ્ધિકાદેવીના ગોખલા છે. રંગમંડપના ઘુમટ ઉપર પ્રભુશ્રી નેમનાથ ભગવાનની જાન-વરઘોડો વિ. સુંદર રીતે આલેખાયેલા છે. જિનાલયમાં રંગ મંડપ, પૂજા મંડપ અને રાસ મંડપ આવેલા છે. ભાવના મંડપમાં શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર, શ્રી સમેતશિખર, શ્રી અષ્ટાપદ અને શ્રી નંદીશ્વર દ્વીપના મોટા તીર્થ પટ છે.

ઉપરની છતમાં શ્રી પાવાપુરી, શ્રી ચંપાપુરી, શ્રી હસ્તિનાપુરી, શ્રી રાજગૃહી અને શ્રી ત્રિશલા માતાજીના ૧૪ સ્વપ્નના કલામય પાંચ પટ્ટો છે. મુખ્ય જિનાલયની પ્રદક્ષિણામાં શ્રી મહાવીર પ્રભુના ૨૭ ભવના, આરસમાં કોતરેલા ૩૯ ચિત્રપટો છે. તેમજ પ્રવેશદ્વારની બંને બાજુની દિવાલ ઉપર શ્રી મહાવીર પ્રભુના અભિગ્રહ, પ્રભુના ચાર કલ્યાણક, પ્રભુજીને થયેલ ઉપસર્ગો અને પ્રભુજીની આમલકી ક્રીડાના ચાર કલામય ચિત્રો છે. જિનાલયમાં ચાર મોટા અને બે નાના ઘુમટો છે. ઘુમટની નીચે વિશાલ રંગ મંડપ છે. કુલ ૨૧૮ સ્તંભો છે. તેમાં એક ઉપર સંવત ૧૧૩૪ વૈશાખ શુદ ૧૫, બીજા સ્તંભ ઉપર સં. ૧૩૨૩ અને ત્રીજા સ્તંભ ઉપર સંવત ૧૩૫૮ના લેખો કોતરેલા છે.

આ મહાતીર્થની બહારના કમ્પાઉન્ડમાં શ્રી તપગચ્છ, શ્રી ખતરગચ્છ તથા શ્રી પાર્શ્વચંદ્રગચ્છના ગુરુમંદિરો છે, ગચ્છના સુમેળની આ ભૂમિ છે.

રહેવા માટે ધર્મશાળામાં સગવડતાવાળા બ્લોકો છે જેમાં બધી સુવિધા છે. અહીંનું હવામાન પણ સૂકું, તાજગીભર્યું અને આહ્લાદક છે. રાત્રિના અહીં સૌએ આરામ લીધો:

મંગળવાર (તા. ૨૬-૯-૮૯)ના વહેલી સવારના તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને સર્વ જિનપ્રતિમાઓના દર્શન-વાસક્ષેપ પૂજા કરી શ્રી મહાવીર પ્રભુના જયનાદ સાથે આગળની યાત્રા માટે ત્યાંથી નીકળ્યા (સમય સવારના ૬-૩૦)

મુંદ્રા (નાની પંચતીર્થી) પહોંચ્યા, સવારના ૭-૦૦, અહીં ચાર જિનાલયો છે, શ્રી શીતલનાથ પ્રભુનું દેરાસર, શ્રી મહાવીર સ્વામીનું દેરાસર, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર અને શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે. નાના ગામમાં સુંદર, સ્વચ્છ અને વિવિધ રંગોથી રંગેલા કલાપૂર્ણ જિનાલયો જોઇ અને નાજુક તેમજ પ્રભાવક પ્રતિમાઓના દર્શન કરતાં સૌનો આત્મા પાવન થયો. કચ્છ પ્રદેશના નાના ગામડાઓની સ્વચ્છતા ધ્યાનાકર્ષક છે. કચ્છી બોલી પણ જોશ અને મર્દાનગી ભરી છે. જે મનને આહ્લાદ આપે છે. અહીં ૭-૩૦ના નીકળ્યાં.

સવારના ૭-૪૦ના ભૂજપુર પહોચ્યાં. અહીં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી મહાવીર સ્વામી ભગવાનના જિનાલય છે. નીચે ભોંયરામાં દેરાસર છે. તેમાં શ્રી કેસરીયાનાથજીની મોટી કાળી ભવ્ય પ્રતિમાજી છે. આ જિનબિંબોના દર્શન-ચૈત્યવંદનાદિ કરતાં ખૂબ જ આનંદ થયો. અહીં ભોજનશાળામાં નવકારશી કરી ચા-નાસ્તો લીધો. બાદ ૯-૧૫ કલાકે અહીંથી નીકળ્યા.

મોટી ખાખર પહોંચ્યા. મોટી ખાખર જિનાલયમાં ૪૦૦ વરસ પહેલાની શ્રી આદીશ્વર ભગવાનની પ્રાચીન પ્રતિમાજીના દર્શન કરતાં સૌના મન હર્ષવિભોર બન્યા. આત્મામાં ભાવોલ્લાસ પ્રગટયો ચૈત્યવંદન કર્યું, બહાર ઉપાશ્રયમાં પૂ૦ સાધ્વીજી મહારાજનું વ્યાખ્યાન ચાલતું હતું. ગામના ભાવિકો વ્યાખ્યાનનો લાભ લેતા હતા, આ બધું જોતાં સૌના હૈયામાં ઉમંગ સમાતો ન હતો. અહીંથી ૯-૪૫ કલાકે નીકળ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાની ખાખર પહોંચ્યા. નાના એવા ગામડામાં સુંદર નૂતન જિનાલય જોતાં ઘણો આનંદ થયો. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુની નયન મનોહર પ્રતિમાના દર્શન કરી પાવન થયા. ચૈત્યવંદન કરી, ત્યાંથી નીકળ્યા. સવારના ૧૦–૧૫ થયા હતા.

બિદડા પહોંચ્યા. અહીં શ્રી આદિનાથ ભગવાનનું રમ્ય દેરાસર છે. શ્રી આદીશ્વર પરમાત્માની ભવ્ય પ્રતિમાના દર્શન–ચૈત્યવંદનાદિ કરતાં મનને શાંતિની અનુભૂતિ થઇ. ઘણો આનંદ થયો. નાની પંચતીર્થીના રમણીય ગામો અને સુંદર દેરાસરો અને ભવ્ય પ્રતિમાના દર્શન કરતાં આનંદોર્મિ ઉછળી આવી, અહીંથી લગભગ ૧૧–૧૫ના નીકળ્યા.

બોંતેર જિનાલય (ગુણનગર, કોડાય પુલ–તા. માંડવી કચ્છ) પહોંચ્યા ૧૧–૩૦. મોટી વિશાળ જગ્યામાં આ બોંતેર જિનાલયના નવ નિર્માણનું કામ ચાલે છે, ચારેક વર્ષ જેટલો સમય તો પસાર થઇ ગયો છે. હજુ ઘણું કામ બાકી છે. આટલો બીજો સમય હજુ થશે એમ લાગે છે. ઘણી નાની મોટી પ્રતિમાઓ ભોજનશાળાના એક ભાગે રાખવામાં આવેલી જોઈ. ઓફીસનું મોટું મકાન, ભવ્ય ઉપાશ્રય, બધી જ સુવિધાઓ સાથેની ઘણી મોટી ધર્મશાળા, ભોજનશાળાનું મોટું મકાન આ બધું નવ નિર્માણ થતા જિનાલય ફરતી વિશાલ જગ્યામાં ઘણાં લાંબા–પહોળા અંતરે આવેલ છે જે જિનાલયની ભવ્યતાનો ખ્યાલ રજૂ કરે છે. જિનાલયના નિર્માણનું કામ ચાલતું હોઈ હાલ તુરત જિનાલયના બહારના ભાગે એક ઓરડા જેવું બનાવી તેમાં શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા અને આજુબાજુ જિનપ્રતિમાને પ્રતિષ્ઠિત કરેલ છે. જ્યાં સૌ દેવદર્શન અને સેવા પૂજા કરે છે, સૌએ ધર્મશાળામાં આવેલી રૂમોમાં નાહી–ધોઈ, પૂજાની જોડ પહેરી આ જિનાલયમાં શ્રી આદિશ્વર ભગવાનની સેવા પૂજા કરી, ચૈત્યવંદન કર્યું. પછી ભોજનશાળામાં જઇને સૌ જમ્યા, બાદ થોડો સમય આરામ કરીને અહીંથી બપોરના ૨–૦૦ વાગે નીકળ્યા.

અહીંથી માંડવી બહુ દૂર નથી. ત્યાં પહોંચ્યા ૨–૨૦. માંડવી હાઈ વે ઉપર આવેલ શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમમાં આવેલા શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરમાં શ્રી શાંતિનાથ પ્રભુના દર્શન કર્યા. શહેરના ઘોંઘાટથી દૂર, શાંત વાતાવરણમાં આશ્રમવાસીઓ શાંતિ અનુભવે છે. વૃદ્ધાવસ્થામાં શેષ જીવન સુખ શાંતિમાં પસાર કરવા ઇચ્છતા સૌ આશ્રમવાસીઓની બધે ફરીને દીનચર્યા જોઈ, ઉચ્ચ ભાવો જાગૃત થયા. અહીં ચા–પાણી પીધા, આગળ પ્રયાણ શરૂ કર્યું. સમય ૩–૩૦,

સાવણ પહોંચ્યાં સાંજના ૫–૧૦. અહીં નવટૂંક (તિલકટૂંક સ્થાપના ૧૯૧૦)નું ઘણું પ્રાચીન અને સુંદર દેરાસર છે, અહીં બિરાજમાન શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાના દર્શન કરતાં સૌ આનંદ પામ્યા. પ્રાચીન જિનાલય અને સુંદર આહ્લાદક જિન પ્રતિમા જોઇ સૌને બહું જ આનદ થયો, અહીંથી નીકળ્યા ૫–૩૫ કલાકે.

સુધરી (કચ્છ) પહોંચ્યા. ૬–૩૦ સાંજના જમ્યા. (ભોજનશાળામાં) મોટી પંચતીર્થીમાં અબડાસા તાલુકાના પાંચ સ્થાનો તીર્થ રૂપે મનાય છે. જે સુથરી, કોઠારા, જખૌ, નખીયા અને તેરા છે, સુથરી ૧૫૦ વર્ષ પ્રાચીન ૧૮ સદીના ઉતરાર્ધમાં બનેલું સૌથી પહેલું ચમત્કારિક મૂળનાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનું નયન મનોહર, અત્યંત નઝાકત ભર્યા શિલ્પકાળથી શોભતું જિનાલય છે. સુંદર સ્થાપત્ય શૈલીનું નયન મનોહર જિનાલય દૃષ્ટિને આકર્ષે છે. મનના ભાવોને જગાડે છે. પૂર્વાભિમુખ સિંહદ્વારવાળા આ જિનાલયમાં મૂળનાયક ધૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુના દર્શન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યરતાં આત્માને આહ્લાદ થાય છે. અહીં મુખ્ય ઉપાશ્રય ઉપરાંત સાધુ-સાધ્વીઓને ઉતરવા માટે ત્રણ જુદા સ્થાનકો છે. આયંબીલશાળા, જ્ઞાનશાળા, પુસ્તક ભંડાર ઉપરાંત યાત્રિકો માટે સગવડતાવાળી ધર્મશાળા છે.

વિ. સં. ૧૭૨૧માં શ્રેષ્ઠીવર્ય ઉદ્દેશી શાહ (મેઘાશા) ને શ્રી ધૃત કલ્લોલ પાર્શ્વનાથ પ્રભુની પ્રભાવક પ્રતિમાજી પ્રાપ્ત થયા ત્યારથી આ તીર્થનો ઇતિહાસ શરુ થાય છે. ઉદ્દેશી શાહની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી, કરજના બોજથી કંટાળીને આપઘાત કરવાનો વિચાર કર્યો. વાવમાં પડવા જતાં દેવવાણી સંભળાઈ. ચારે બાજુ નજર કરતાં કોઈ ન દેખાયું. એટલે સમજ્યા કે દેવ ના પાડે છે. મારે આપઘાત ન કરવો. આમ વિચારી ઘેર પાછા ફર્યા. રાત્રિના સ્વપ્ન આવ્યું, જેમાં અધિષ્ઠાયક દેવે સૂચવ્યું કે આપઘાત કરીશ નહિ. આજથી પાંચમાં દિવસે એક પાલીના રોટલા બાંધી તારા ગામની પૂર્વ દિશાએ ખારીના કિનારા ઉપર તું જઇશ ત્યારે ત્યાં દિવસ ઉગશે. એટલામાં જે માણસ તને મળે તેને રોટલાનું પોટલું આપી તેની પાસેથી બીજું પોટલું લઇ લેજે અને તારે ઘેર આવજે. પાંચમે દિવસે તેણે તે પ્રમાણે કર્યું. પોતાના રોટલાનું પોટલું આપી તે માણસ પાસેનું પોટલું લઇ તે પોતાને ઘેર આવ્યા. ઘેર આવી પોટલું છોડતાં અંદરથી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા નીકળી, પરંતુ તેનો મહિમા નહિ જાણવાથી તેણે તે પ્રતિમાજીને રોટલા રાખવાના ગોખલામાં મૂકી તેની ઉપર રોટલા કરીને મૂક્યાં. તેમાંથી રોજ રોટલા વપરાય છતાં ખૂટતા નહિ, આ ચમત્કારની વાત ગામમાં પ્રસરી જૈન યતિશ્રી મહારાજને ખબર પડતાં તેમણે શ્રી ઉદ્દેશી શાહને ઉપદેશ આપ્યો અને જણાવ્યું કે આ ચમત્કારિક પ્રતિમા સંઘને સોંપો. આમ પ્રતિમાજી ઉપાશ્રયે પધરાવ્યા. પરંતુ પ્રતિમાજી રાતના પુનઃ પોતાના સ્થાને ઉદ્દેશી શાહને ઘેર પ્રગટ થયા. આમ પ્રતિમાજીનો મહિમા વધતાં વિ. સં. ૧૭૨૧માં કાષ્ઠચૈત્ય નિર્માણ કરાવીને શ્રીસંઘે પ્રતિમાજીને તેમાં સ્થાપી.

પ્રતિષ્ઠા કરતાં સંઘ જમાડવો જોઇએ, પણ પોતાની શક્તિ નહિ હોવાથી ઘીનો બંદોબસ્ત થઇ શકયો નહીં. ઉદ્દેશી શાહ તો નિર્ધન હતા. આથી તેમના મનમાં રંજ થયો અને પશ્ચાતાપ કરવા લાગ્યા. એમના મનનું સમાધાન કરવા સંઘના આગેવાનો ઘીનું એક કુડલું લઇ આવ્યા. ઉદ્દેશી શાહ આથી ફરી વિચારે ચઢયા કે જો મારી પાસે ધન હોત તો આ કુડલાથી ઘી શ્રીસંઘને પીરસત. હે પ્રભુ! તમે મારા ઘેર પધાર્યા પરંતુ હું નિર્ધન રહ્યો.

આ તરફ સકળ સંઘ જમવા બેઠો કુડલામાંથી ઘી કાઢવામાં આવ્યું. પરંતુ ઘી ઓછું થયું નહીં. કુડલું એટલું જ ભરેલું રહ્યું. ઘી ફરી ફરી કાઢવામાં આવ્યું છતાં પણ ઘી ખૂટે જ નહીં આથી સૌને શંકા થઈ કે ચમત્કારિક પ્રતિમાજી છત્રીમાંથી કુડલાંમાં તો નથી આવ્યાં? જ્યારે કુડલામાં હાથ નાખી જોયું તો પ્રતિમાજી કુડલાંમાં હતાં. કુડલાનું મોઢું કાપી પ્રતિમાજી બહાર કાઢી, મોટો ઉત્સવ કરીને દેરાસરમાં પધરાવ્યાં આ પ્રસંગ પછી પ્રતિમાજીનું ધૃત કલ્લોલજી પાર્શ્વનાથ એવું નામ પ્રસિદ્ધ થયું.

રાત્રિના જિનાલયના ચોકમાં બેસીને સૌએ ભાવપૂર્વક ભાવના ભાવી. ત્યારબાદ આરતી-મંગળ-દીવો કરી સૌ ધર્મશાળામાં આવીને સૂતાં.

બુધવાર તા. ૨૭-૯-૮૯ના વહેલી સવારના નાહી ધોઈ પૂજાના કપડાં પહેરી સૌ જિનાલય આવ્યા ત્યારે હજુ દરવાજો અને ગર્ભદ્વાર ખોલતાં શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનની જય પુકા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રતા સૌએ દેવદર્શન કરી વાસક્ષેપ પૂજા કરી, ચૈત્યવંદન કર્યું. બાદ આગળ પ્રયાણ માટે સુથરીથી સવારના ૬–૪૫ કલાકે નીકળ્યા.

કોઠારા પહોંચ્યા સવારના ૭–૧૦ મીનીટે. કોઠારામાં શ્રી કેશવજી નાયકનું શ્રી શાંતિનાથ ભગવાનનું કલાત્મક સ્થંભો અને કોતરણીવાળું દેરાસર આવેલું છે. ઉપરના ભાગે શ્રી ધર્મનાથ પ્રભુની મોટી અને ભવ્ય ચૌમુખજીની પ્રતિમાઓ છે. દેરાસરજીના પ્રવેશદ્વારની બંને બાજુએ દેરાણી–જેઠાણીના (ગવાક્ષો) ગોખલા છે. જે સુંદર કોતરણીવાળા છે. ઉપરના છેલ્લા મજલે ટાવરમાં એક મોટો ઘંટ લટકાવાયેલ છે. જે વગાડવા માટે નીચે સુધી દોરડું બાંધવામાં આવેલ છે. જેથી તે નીચે રહ્યાં વગાડી શકાય છે, રાત્રિના સમયના ડંકાનો અવાજ ચાર-પાંચ માઇલ દૂર સુધી સંભળાય છે તેમ કહે છે. આઠસો કારીગરોએ ચાર વરસમાં આ જિનાલયનું નિર્માણ કર્યું છે. તે સમયમાં સોળ લાખ કોરી–દશ લાખ રૂપિયા ખર્ચ થયેલ છે. આવું ઉત્તુંગ શિખરવાળું–કલાકારીગરીપૂર્ણ જિનાલય છે. જે કલ્યાણ ટૂંકને નામે ઓળખાય છે.

ગામડામાં આવેલા આવા અલૌકિક જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવાનના દર્શન-વંદન–ચૈત્યવંદનાદિ કરી સૌ ધન્ય બન્યા. મોટા ભવ્ય ચૌમુખજી પ્રતિમાના પણ દર્શન વંદન કરી આનંદ અનુભવ્યો. અહીંથી ૭–૪૫ ના નીકળ્યા.

જખૌ પહોંચ્યા ૮–૨૫ જખૌ રત્નટૂંક દેરાસરજીમાં નાના મોટા ઘણા જિનાલયો છે. એક પછી એક અને ઉપર નીચે આવેલ દરેક દેરાસરમાં બિરાજમાન કરેલ પ્રતિમાઓના દર્શન કરી શકાય તે માટે લાલ એરો (બાણ) ની નિશાની જોતા ચાલીએ તો એક પછી એક બધા જ દેરાસરોમાં જઇ શકીએ. આમ શ્રી મહાવીર સ્વામી ભગવાનના દેરાસરથી દર્શન વંદન કરતાં, શ્રી સુવિધિનાથ ભગવાન, શ્રી આદિશ્વર ભગવાનનું ચૌમુખીજીનું, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા અને આજુબાજુ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનની રમ્ય પ્રતિમાઓનું, શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની નમણી, નાજુક (કાળી) પ્રતિમાવાળું, શ્રી મલ્લિનાથ પ્રભુનું, ઉપરનું શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનું, બીજું શ્રી ગૌતમ સ્વામી પ્રભુનું, આમ બધા દેરાસરોમાં ફરતાં દેવદર્શન કર્યા. એક જ જગ્યામાં આટલા બધા દેરાસરો જોઇ આશ્ચર્ય સાથે ખૂબ જ આનંદ થયો. આ જગ્યા વિશાળ છે. પાછળના ભાગે ભોજનશાળા પણ છે. જ્યાં સૌએ નવકારશી કરી ચા–પાણી નાસ્તો કર્યો. અહીંથી નીકળ્યા. ૧૦–૧૫ કલાકે.

નળીયા પહોચ્યા. નળીયામાં શ્રી નરશી નાથા સ્થાપિત (વીર વસઇ ટૂંક) શ્રી ચંદ્રપ્રભુજીનું અને શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરો છે. શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની સુંદર, નયનરમ્ય પ્રતિમાજીના દર્શન કરતાં આત્માને આનંદ થયો, બાજુના દેરાસરમાં શ્રી શાંતિનાથ પ્રભુની ભવ્ય મોટી પ્રતિમાના દર્શન કરતાં શાંતિ અનુભવી વિશાળ શિખરોવાળા સુંદર મજાનાં જિનાલયોનું આકર્ષણ પણ જરાય ઓછું નથી. અહીંથી નીકળ્યા ૧૧–૨૦ કલાકે.

તેરા પહોચ્યા અહીની વધી સુવિધાવાળી ધર્મશાળાના બ્લોકોમાં નાહી ધોઇ પૂજાની જોડ પહેરી શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનના દેરાસરજીમાં દેવદર્શન કરી સેવાપૂજા કરી ચૈત્યવંદન કર્યું. મનોહર, જિન પ્રતિમાઓના દર્શન પૂજન કરી સૌ પાવન થયા, આ દેરાસરના પાછળના ભાગે એક લાઇનમાં આવેલ ચાર દેરીઓમાં બિરાજમાન જિનબિંબોના દર્શન કરી, દેરાસર બહાર સામે આવેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શામળાજી પાર્શ્વનાથ ભગવાનનું સુંદર મજાનું કાચનું દેરાસર આવેલું છે, જ્યાં શ્રી શામળાજી પાર્શ્વનાથ ભગવાનની અલૌકિક પ્રતિમાના દર્શન કર્યા–વંદન કરતાં અનેરો અનહદ આનંદ થયો, કાચની કલાત્મક કારીગરી પણ નયનરમ્ય છે. બાદ અહીં આવેલ ભોજનશાળામાં સૌ જમ્યા. થોડો સમય આરામ કરી બપોરના ૨–૧૫ના નીકળ્યા.


ભૂજ જતા રસ્તામાં દેશલપર હાઈવે ઉપર લગભગ ૩–૪૦ના સમયે બસ અટકીજતાં રોકાવું પડયું રોકાણ દરમિયાન સૌએ હળવો નાસ્તો કર્યો. બસ રીપેર થઇ જતાં અહીંથી ૫–૦૦ વાગે નીકળી ૫–૩૦ લગભગ ભૂજ પહોંચ્યા. અહીં વાણીયાવાડમાં આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં દર્શન વંદન કર્યા બાદ સૌ આજુબાજુ ખરીદી માટે–જોવા માટે છૂટા પડયા, બાદ સૌ બસમાં દાદાવાડી પહોંચ્યા અને નાસ્તો તથા ચા–પાણી પીધાં. દાદાવાડી બાજુમાં આવેલ શ્રી મહાવીર સ્વામીના જિનમંદિરે દેવદર્શન કર્યા. અને રાત્રિના ૯–૩૦ લગભગ ભૂજથી નીકળ્યા. રાત્રિના રસ્તામાં મોરબી, રાજકોટ, આટકોટ થઈ ગુરુવાર તા. ૨૮–૯–૮૯ના સવારના ૭–૧૫ કલાકે સુખરૂપ ભાવનગર પહોંચ્યા. બોલો શ્રી મહાવીરસ્વામી ભગવાનની જય, શ્રી જિનશાસન દેવની જય.

એકલા દુર્લભ, પણ તો સાથે કરી શકીએ એવો આ શ્રી કચ્છ–ભદ્રેશ્વર તીર્થનો યાત્રાપ્રવાસ કરતા ઘણોજ આનંદ આવ્યો છે. ત્રણ દિવસનો આ યાત્રા પ્રવાસ સૌના જીવનભર યાદ રહે તેવો થયો છે સંસારને ભૂલી જવાનો છે, આ દિવસો દરમિયાન, ચંચળ મન પણ આ સમય દરમિયાન ભટકતું અટકયું છે. આત્માને શાંતિ લાધી છે. આ માટે સૌ યાત્રિકો અને સેવા ઉપાડનારા સૌ અભિનંદનને પાત્ર છે.

દર્શને સિદ્ધિ, ચરણે તૃપ્તિ, શરણે મુક્તિ.

ઋણ સ્વીકાર : શ્રીકચ્છ–ભદ્રેશ્વર મહાતીર્થ અને સુથરી તીર્થયાત્રા પુસ્તીકામાંથી આધારે.

---



## આશીર્વાદ

દીપાવલિનું દિવ્યદર્શન નથી શણગારોની સજાવટમાં કે નથી દુનિયાદારીની છણાવટમાં દીપાવલિની મહત્તા છે માત્ર 'મહાવીર'ના ઉચ્ચતમ આદર્શોને જીવનમાં અપનાવવામાં.

દીપાવલિ એટલે જીવનના અંધકારને ઉલેચતું પર્વ. આજની અમાનવીય આચારમાં રાચતી દુનિયામાં સદાચારનો નાનકડો દીવો આપણા દિલમાં ચેતાવીએ.

આજની ભૌતિકવાદી નાગચૂડમાંથી છૂટી આપણી જીવન–સરિતામાં સંયમ–સાદાઇ–સહનશીલતાની ત્રિવેણી વહાવવાનો સંકલ્પ નૂતન વર્ષની મંગલ પ્રભાતે કરીએ.

આ સંકલ્પને સાકારરૂપ આપવામાં આ 'જ્ઞાન–અમૃત સહાયક નીવડે એ જ આશીર્વાદ ? ? ?

— આચાર્ય ભૂવનશેખરસૂરિશ્વરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાત વ્રત જીવન વિકાસના

લે. : શ્રીમતી જ્યોતિ હરેશકુમાર શાહ

સંધ્યાની ગુલાબી આભા સોળે શણગાર સજેલી સ્નેહાનાં સૌન્દર્યને શોભાવતી હતી. હસમુખી અને લાડલી સ્નેહા કાલે પરણીને સાસરે જવાની હતી પિયરનાં પ્રાંગણમાં તેના કૌમાર્ય જીવનનો આ અંતિમ દિવસ હતો. જીંદગીનાં વરદાન સમુ તેનું બચપન જીવનની વસંત તરફ ઢળી રહ્યું હતું. આજે તેનું નાનકડું ઘર તેના લગ્નની શહનાઇથી ગુંજતું હતું. ખુદ સ્નેહાનું મન પણ અનેક અરમાનો અને આશાઓથી ઝુમી ઉઠયુ હતું. તેના ગોરા હાથોમાં શોભતી લીલી મ્હેન્દીનો રંગ કેવો હશે? તેના વિચારોમાં તે ખુદ ખોવાયેલી હતી.

સ્નેહા સમજદાર અને શિક્ષિત યુવતી હતી. તરસ લાગે ત્યારે કૂવો ખોદવાને બદલે આવતી કાલનો વિચાર આજે કરવા તે ટેવાએલી હતી અને તેથી જ મ્હેન્દીનાં અવનવાં રંગો વિષે વિચારતા અચાનક તે તેનાં જીવન વિષે વિચારવા લાગી. મ્હેન્દીના રંગની જેમ જિંદગીની મ્હેંક ચાર દિવસમાં ઉડી ન જાય તે માટે, કેવી રીતે જીવવું જોઈએ? તે પ્રશ્ન તેને પાયાનો અને મહત્વનો લાગ્યો.

અનેક જાતના મનોમંથન પછી જાણે તે એક નિર્ણય પર આવી કે,

સુંદર આ સંસારમાં,
સમજણ જીવનનો સાર:
શીલ, સંયમ, સમજણ વધે,
ખીલે જીવન સુવાસ.

શીલ, સંયમ અને સમજણનો સમાવેશ જો જીવનમાં હોય તો જીવન અવશ્ય સુવાસિત બને. બચપનમાં તેનાં દાદીમાએ કરેલી વાતો આજે તેને સાચી લાગવા માંડી.

અનુભવની એરણથી ઘડાએલાં તેનાં દાદીમાં હંમેશા કહેતાં કે સંકટ અને સમસ્યા એ જિંદગીનું બીજું સ્વરૂપ છે, સમસ્યાઓ વગરનું જીવન હોઈ શકે જ નહિ, પરંતુ સાચો માણસ તેને જ કહેવાય કે જેની પાસે સમસ્યાઓનું સમાધાન કરવાની શક્તિ હોય. જેની વાણી સંસારની અધૂરપો વચ્ચે પણ મધુરપ સર્જી શકે તેવી સહજ હોય, જેનો ક્રોધ પણ સૂર્યની જેમ સકારણ હોય, સૂર્યનારાયણનો તાપ કોણ સહન કરી શકે? પરંતુ આ સૃષ્ટિને હરિયાળી રાખવા, આ સંસારને અમી છાંટણાની અનોખી ભેટ સૂરજની ગરમી વિના ભલા કયાંથી સાંપડવાની હતી? એમ જ સમજુનો ક્રોધ સૂરજની જેમ સકારણ હોય, કુટુંબના હીત માટે હોય. બેલગામ જીભથી મન ફાવે તેમ બોલવું અને નિરંકુશ ઇન્દ્રિઓથી મન ફાવે તેમ વર્તનાર સમજુ તો નથી જ, પરંતુ પોતાના જ સંસારના સુખનો પાયો પોતાના જ હાથે રહેંસી નાંખે છે.

જીવવા જેવું જીવન કંટાળાજનક કે બોજરૂપ ન બની જાય તે માટે આપણાં ઋષિમુનિઓ, વિદ્વાનો અને બુદ્ધિજીવી માણસોએ સમજાવેલા સિદ્ધાંતોને સંસારની સફળતાના સાત વ્રતો સમજી સ્વીકારવા તે જ શ્રેષ્ઠ ઉપાય છે.

(૧) દુનિયામાં ઇશ્વર સિવાય કોઇ સંપૂર્ણ નથી. માટે જ સહુમાં જુદી જુદી આવડત અને નબળાઇઓ હોય છે જ. તેથી જ કોઈની ભૂલો શોધી તેને ઉતારી પાડવાને બદલે, તેની જેમ જ મારી પણ ભૂલો થાય છે જ. અને અમુક આવડત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનામા છે જે મારામાં પણ નથી, તેવું વિચારી દરેકની આવડતને પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

(૨) સંસારમાં સંઘર્ષનું મૂળ ઉપેક્ષા છે. માટે જ પુરુષના સ્વમાન અને સ્ત્રીની લાગણીની કયારેય ઉપેક્ષા ન કરવી.

(૩) સુખનું સાચું રહસ્ય સંતોષ છે. માટે જ પોતાના મર્યાદિત સાધન સંપત્તિમાં સંતોષ માનીને જીવતાં શીખવું. જીવનના દરેક પ્રસંગે વચન વિચારીને બોલતાં શીખવું.

(૪) કોઇનાં દિલને દુ:ખ લાગે તેવા કઠોર શબ્દો બોલવાને બદલે સાચી વાત, સારી રીતે સમજાવવાની કોશિષ કરવી.

(૫) માન-સન્માન હંમેશા આપનાર જ મેળવી શકે છે. બીજાને હડધૂત કરનાર કોઇનાં આદર-સત્કારનો અધિકારી બની શકે નહિ, માટે જ નવી પેઢી પાસે પોતાનું સ્થાન જાળવવું હોય તો પહેલાં પોતાના વડીલોનો વિવેક જાળવતા શીખવું.

(૬) ઘરની વાતોનું વર્ણન બીજા પાસે કરવાથી હંમેશા કુટુંબની બેઇજ્જતી થાય છે. માટે ઘરની વાતો ઘરમાં જ રાખવી.

(૭) જીવન સંપીને જીવતાં શીખવું. જે ઘરમાં ઘરનાં એકબીજા સભ્યો વચ્ચે લાગણી અને સંપ હશે તે ઘરને આંગણે હંમેશા માતા સરસ્વતી અને લક્ષ્મીજી કુમ કુમ પગલે પધારશે. વિદ્યા અને સંપત્તિનો સંયોગ કકળાટ વચ્ચે શકય જ નથી.

જીવનવિકાસનાં આ સાત વ્રતો વિષે વિચારતા વિચારતા, વિચારોના ચકડોળે, ચડેલી, સ્નેહાની આંખો કયારે મળી ગઈ તેનો તેને ખુદને પણ ખ્યાલ ન રહ્યો.

---

## —: " જીવનસાધના " એક પરિચય :—

પ્રયોજક : શ્રેયાર્થી

પ્રકાશક સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર,

(મુખ્ય મથક : શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા. ૩૮૨૦૦૯ (જી. ગાંધીનગર)

નૂતન વર્ષાભિનંદનની એક નૂતન પદ્ધતિ રૂપે અને જ્ઞાન પ્રસારના હેતુથી આ સંસ્થા તરફથી દર વર્ષે દિવાળી પ્રસંગે પ્રેરક પુસ્તિકાઓ (દરેકના પૃષ્ઠ લગભગ ૪૮) બહાર પાડવામાં આવે છે.

નૂતન વર્ષાભિનંદનના કાર્ડ મોકલવા ટેવાયેલા અનેક વેપારી મિત્રો. ડૉકટરો, સંસ્થાઓ અને જ્ઞાનપ્રચારમાં માનતી વ્યક્તિઓએ દર વરસે વધુને વધુ પુસ્તિકાઓ ખરીદી પોતાના મિત્ર વર્તુલમાં તેનો બહોળો ફેલાવો કર્યો છે. આજે તેની ૫૦૦૦૦ પચાસ હજાર પ્રતો છપાય છે.

ઉત્તમ પ્રકારના સંસ્કાર-સાહિત્યનો પ્રચાર કરતી આવી પુસ્તિકાઓ સંસ્થા પાસેથી ખરીદી ઉત્સવના પ્રસંગોએ મિત્રો સ્નેહીઓમાં મોકલવાથી આ એક સુંદર ઉજ્જવળ પ્રણાલીને વેગ આપવાનું કાર્ય ઘણું અનુમોદનીય છે.

અમદાવાદ - સંપર્ક મનહરલાલ ભોગીલાલ શાહ, ૪, હરિદાસ કોલોની, હાઈકોર્ટ સામે, નવજીવન પ્રેસરોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪. ટેલી. નં. R. 402620 પૂછપરછ માહિતી માટે

(૧) શ્રી વસંતભાઇ કે ખંધાર ટેલી. નં. 490046 (૨) ધી ગુજરાત ટયુબ એન્ડ સેનીટરી સ્ટાર્સ, ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ-૧ ટે. નં. O. 383445 R. 440662/449834

આ પુસ્તિકામાં ઉત્તમ વિચારકોના ઉત્તમ સંસ્કાર પ્રેરક વિચારો રજુ થાય છે. —તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. No. 31

# સત્કાર્ય તો સદાય મૌન જ હોય....

— લે : શ્રી રોહિત શાહ

જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ. તેમનો પુત્ર ભરત.

ભારે પરાક્રમી. સ્નેહ અને વીરતાપૂર્વક તેણે પૃથ્વી પર છ ખંડો જીતીને ચક્રવર્તીનું પદ પ્રાપ્ત કર્યું.

સત્તા અને સંપત્તિનો નશો શરાબના નશાથીયે વધુ ખતરનાક હોય છે. ચક્રવર્તી ભરતદેવના ભીતરમાં અહમ્ જાગ્યો. સમગ્ર ભારતખંડના વિજેતા બનવું એ કાંઈ નાના બાળકના ખેલ ન કહેવાય.

ભરતે દિગ્વિજય કર્યો. અપાર સેના સાથે તે ઋષભાચલ પર્વત પાસે પહોંચ્યો. અનેક ઝરણા અને લીલાછમ ઘાસથી સમગ્ર પ્રદેશ રળિયામણો લાગતો હતો.

આસપાસ સ્ફટિકની અનેક શીલાઓ પડી હતી. સ્ફટિકની એ શીલાઓ પર અગાઉ થઈ ગયેલા મહાન ચક્રવર્તી રાજાઓએ પોતાના નામ કોતરાવ્યા હતાં. ભરતદેવને પણ મનમાં ગર્વપ્રેરિત ઝંખના જાગી. પોતે પણ એ શીલાઓ ઉપર પોતાનું નામ કોતરાવી દે.

એણે એક પછી એક એમ બધી શીલાઓ જોઇ. પણ દરેક ઉપર કોઈકને કોઇક ચક્રવર્તીનું નામ લખેલું જ હતું. ભરતદેવ મુંઝાયા–હવે પોતાનુ નામ કયાં લખવું ?

ત્યાં તો ભુજબળથી તેમણે એક પત્થર ઉપરથી અગાઉ લખાયેલું નામ ભૂંસી નાંખ્યું. ને ત્યાં પોતાનું નામ લખી દીધુ... પરંતુ બરાબર એ જ ક્ષણે ભરતદેવના અંતરમાંથી એક અવાજ પ્રગટ્યો....

રે, તું કેવો મૂરખ છે. આજે તેં સ્ફટિકની શીલા ઉપરથી બીજાનું નામ ભૂસી નાખીને તારૂં પોતાનું નામ લખી દીધું. પરંતુ ભવિષ્યમાં બીજો કોઈ ચક્રવર્તી આવીને તારૂં નામ ભૂંસી નાખશે અને ત્યાં તે પોતાનું નામ લખશે... આ પથ્થર પર નામ કોતરવાથી અમરત્વ નથી પ્રાપ્ત થતું.

ને આ વિચાર સાથે જ ભરતદેવનો ગર્વ ગળી ગયો. એ જાણે તદ્દન ખાલી થઇ ગયા... શૂન્ય થઇ ગયા. ને એમના એ શૂન્ય મનમાં નવો શાશ્વત વિચાર પ્રગટ્યો.

"અમરત્વ પામવા માટે માણસે આત્માની આરાધના કરવી જોઇએ. સ્વયંને ઓળખવો જોઇએ. સમર્પણ ભાવે જીવીને જગતમાં સત્કાર્યરૂપે લખાયેલુ નામ કાળના પ્રવાહ સામે ટકી શકે છે."

ભરતદેવ માટે એ પળ આત્મજાગૃતિની બની ગઇ.

"જીવન સાધના–૨૦૪૬" માંથી સાભાર

નોંધ :– 'જીવન સાધના' પુસ્તિકા વિષે પરિચય વાંચો અંદરને પાને. —તંત્રી

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only